પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૨૫૬ ● કુલ પાના : ૪ ● તારીખ : ૨૧-૦૬-૨૦૨૩ બુધવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## અમદાવાદ શહેરમાંથી દબદબાપૂર્વક નીકળેલી ભગવાનની ૧૪૬મી રથયાત્રા શાંતિપૂર્ણ સંપન્ન





### મુખ્યમંત્રીએ વહેલી સવારે પહિંદવિધિ કરીને રથયાત્રાનું પ્રસ્થાન કરાવ્યું હતું : ૧૮ સુશોભિત ગજરાજો અને ૧૦૧ ટ્રકો લોકોના આકર્ષણનું કેન્દ્ર બન્યા : "જય રણછોડ... માણખચોર"થી ગગન ગાજી ઊઠ્યું

અમદાવાદ,

આજે અષાઢ સુદ-બીજના દિવસે ભગવાન જગન્નાથજી, મોટાભાઈ બલભદ્રજી અને બહેન સુભદ્રાની ભવ્ય રથયાત્રા ભારે દબદબાપૂર્વક અને અભૂતપૂર્વ સુરક્ષા બંદોબસ્ત વચ્ચે નીકળી હતી.

આજે વહેલી સવારે ૪ વાગે જગન્નાથજી મંદિરમાં ભગવાનની મંગળા આરતી થઈ હતી. ત્યારે જ મંદિરમાં ભારે સંખ્યામાં ભક્તો ઊમટી પડ્યા હતા. મહાઆરતીમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે ભાગ લીધો હતો. આરતી પછી ભગવાનના આંખે બાંધવામાં આવેલા પાટાઓ દૂર કરવામાં આવ્યા હતા. ભગવાનને શુદ્ધ ઘી, સુકા મેવામાંથી બનાવેલી ખિચડી, કોળા અને ગવારફળીના શાકનો ભોગ ધરાવવામાં આવ્યો હતો. ત્યાર પછી ભગવાન જગન્નાથજી, મોટાભાઈ બલભદ્ર અને બહેન સુભદ્રાની મૂર્તિઓને ત્રણ અલગ અલગ રથોમાં પધરાવવામાં આવી હતી. ભગવાન જગન્નાથનો રથ ગરૂડધ્વજ અથવા તો કપિલધ્વજ તરીકે ઓળખાય છે. બલભદ્રજી રથ તાલધ્વજના નામે ઓળખાય છે. તો કૃષ્ણ-બલરામના બહેન સુભદ્રાજીનો રથ દર્પદલનના નામથી ઓળખાય છે.

આ પછી ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ જગન્નાથજી મંદિર ખાતે આવી પહોંચ્યા હતા. તેમણે સોનાના ઝાડુથી રથમાં કચરો વાળી અને પહિંદવિધિ કરી હતી. જેના પછી ભગવાનના રથનું દોરડું ખેંચીને ભગવાનની પાવન રથયાત્રાનો શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે હજારો શ્રદ્ધાળુઓએ ભગવાન જગ્ન્નાથજીનો જયઘોષ કર્યો હતો. ભગવાનના ત્રણેય રથ તેના પરંપરાગત માર્ગે આગળ વધ્યા હતા. જમાલપુર દરવાજા ખાતે મુસ્લિમ બિરાદરો તરફથી રથયાત્રાનું સ્વાગત કરાયું હતું. પોલીસની અભેદ્ય કિલ્લેબંધીની વચ્ચે રથયાત્રા ધીમે ધીમે આગળ વધતી જતી હતી. તેમ તેમ ઠેર ઠેર કોમી એખલાસતાના દશ્યો સર્જાયા હતા. અષાઢી બીજના દિવસે ભગવાન સામેથી તેમા ભક્તોને મળવા જ્યારે શહેરની પરિક્રમાએ નીકળ્યા ત્યારે ભગવાન ભક્તોનું મિલન ઠેર ઠેર થયું હતું. ભગવાનના દર્શન માટે હજારો લાખો ભક્તો સવારથી જ રથયાત્રાના માર્ગ પર બંને બાજુ ગોઠવાઈ ગયા હતા. નાના મોટા વૃદ્ધો બાળકો સ્ત્રીઓ સહિત સૌ કોઈ ભગવાનની ઝલક જોવા તલપાપડ હતા. ભગવાનનો રથ જોતા જ લોકો જયઘોષના નાદ સાથે વધાવી લેતા હતા. ત્રણે રથોની સાથે ભજન મંડળીઓ હતી તો અનેક કસરતબાજો અવનવી કરતબો દેખાડીને લોકોને મંત્રમુગ્ધ કરતા હતા. ટ્રકની અંદર મગ જાંબુના પ્રસાદનું વિતરણ કરવામાં આવતું હતું. જેને લેવા માટે શ્રદ્ધાળુઓ ભારે ધસારો કરતા હતા. રથયાત્રાના માર્ગ પર ઠેર ઠેર ર થયાત્રાનું સ્વાગત કરવામાં આવતું હતું. જેને કારણે રથની ઝડપ ઓછી થઈ હતી. ભગવાનના દર્શન માટે જાણે કે ભક્તો અધીરા બન્યા હતા. જગતનો નાથ જગન્નાથ જ્યારે સામેથી દર્શન દેવા આવતો હોય ત્યારે તેમના દર્શનનો લ્હાવો લાખો ભક્તોએ લઈ ધન્યતા અનુભવતા હતા. જમાલપુર થઈને રથયાત્રા ધીમે ધીમે આગળ વધતી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના દાણાપીઠ ખાતે આવેલા કાર્યાલય ખાતે આવી પહોંચી હતી. જ્યાં મેયર, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન, મ્યુનિસિપલ કમિશનર સહિત તમામ કાઉન્સિલરો તથા અધિકારીઓએ રથયાત્રાનું સ્વાગત કર્યું હતું. મહંતશ્રીનું મંચ પર ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું વિપક્ષ નેતા સહિતના આગેવાનોએ રથયાત્રા તથા મહંતશ્રીનું સ્વાગત કર્યું હતુ. અગાઉ મ્યુનિસિપલ કાર્યાલય ખાતે સૌ પ્રથમ તો ભગવાનના રથના વધામણા કર્યા હતા અને ત્યાર પછી મહંતશ્રીનું સૌ કોઈ આગેવાનોએ સ્વાગત કર્યું હતું. ત્યાર પછી ભગવાનના ત્રણેય રથોએ ઢાળની પોળ થઈ રંગાટીબજાર- ચકલેશ્વર મહાદેવ થઈ રાયપુર ચકલામાં પ્રવેશી ત્યારે પૂર્વ ધારાસભ્ય ભૂષણભટ્ટ, સ્થાનિક કોર્પોરેટરોએ મહંતશ્રીનું સ્વાગત કરી આશીર્વાદ મેળવ્યા હતા. ત્યાર બાદ ત્રણેય રથનું આગમન થતા ભગવાન જગ્નાથજીના દર્શન કર્યા હતા. રથયાત્રામાં હૈયેહૈયું દબાય તેટલી માનવમેદની ઉમટી પડી હતી. લોકોએ જય રણછોડ માખણ ચોરના જયઘોષ કર્યા હતા. મગ-જાંબુનો પ્રસાદ લેવા તથા ભગવાનના રથ પર ચઢી દર્શન કરવા શ્રદ્ધાળુઓએ ધસારો કર્યો હતો. રાયપુર ચકલાથી આગળ વધી રથયાત્રા સારંગપુર ફરતા વિસામા પાસે આવતા ત્યાં પણ રહીશોએ રથયાત્રાનું ભવ્ય સ્વાગત કર્યું હતું. મકાનના ધાબા, અટારીઓ, છત પરથી પુષ્પો વરસાવી ધન્યતા અનુભવી હતી. ઠેર ઠેર રસ્તા ઉપર રથયાત્રામાં આવેલા ભક્તજનો પર પાણીનો છંટકાવ કરાતો હતો ગરમીમાં લોકોને રાહત મળે તે માટે ઠેર ઠેર છાશ પાણીની પરબો ઊભી કરાઈ હતી.

રથયાત્રામાં જોડાયેલા સાધુ સંતો શ્રદ્ધાના ઘોડાપુર જોઈને મંત્રમુગ્ધ થઈ ગયા હતા. ફરતા વિસામાથી રથયાત્રા ખાડિયાગેટ, ખાડિયા ચાર રસ્તા થઈ પાંચકૂવા દરવાજા સુધી ભારે ભીડ વચ્ચે પસાર થઈ હતી. સમગ્ર માર્ગ ઉપર નાના ભૂલકાઓથી માંડીને વૃદ્ધો પણ ઘેર બેઠા પરિક્રમાએ આવેલા ભગવાનના દર્શન કરવા તલસી રહ્યા હતા. રથ આવતા જ ભગવાનના દર્શન થતા તેઓએ ધન્યતા અનુભવી હતી અને ટ્રકોમાંથી વહેંચાતો પ્રસાદ લેવા સમગ્ર રથયાત્રાના માર્ગ પર શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા.ધીમે ધીમે રથયાત્રા કાળુપુર બ્રિજ થઈ સરસપુરમાં પ્રવેશતા દેવોને દુર્લભ એવા દશ્યો જોવા મળ્યા હતા. કીડિયારુ ઊભરાય તેમ લોકો મોસાળમાં આવતા ભગવાન જગન્નાથજી, બહેન શુભદ્રા તથા ભાઈ બલરામજીનું સ્વાગત કરવા થનગની રહ્યા હતા અને સમગ્ર માર્ગ આસોપાલવ ફૂલોથી શણગારવામાં આવ્યો હતો. ઘણા લોકો ગીરદીથી બચવા અને શાંતિથી દર્શન કરવાનો લ્હાવો મળે તે માટે રસ્તામાં આવતા ઘરોની બારીઓ, છાપરા પર ગેલેરીમાંથી, ધાબા પરથી દર્શન કરી જય રણછોડ માખણ ચોરના જયઘોષ કરી ધન્યતા અનુભવતા હતા અને આ જયઘોષ તેમનો પણ ચારે બાજુથીસંભળાતા હતા. રથોનું ઠેર ઠેર સ્વાગત કરવામાં આવતું હતું. મોસાળે આવેલા ભગવાનને અગવડ ન પડે તે માટે સત્કારવાની ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી.

સરસપુર મોસાળે રથયાત્રા આવી પહોંચતા સરસપુરમાં આવેલા રણછોડજી મંદિરના મહંતશ્રીએ વિધિપૂર્વક ભગવાન જગન્નાથ, ભાઈ બલરામ તથા બહેન શુભદ્રાની પૂજાઅર્ચના કરી હતી અને મોસાળે આવેલા ત્રણેય ભાણેજોને પોંખ્યા હતા. પૂજાવિધિ બાદ ભગવાનનું મોસાળુ કરવામાં આવ્યું હતું. જેમાં કિમતી વસ્ત્રો-અલંકારો ભગવાનને અર્પણ કરવામાં આવ્યા હતા વહાલા ભાણેજડાંઓને ભેટ - સોગાદો અને વસ્ત્રો આપીને તેમનું મોસાળું કરવામાં આવ્યું. સરસપુરની તમામ નાની-મોટી પોળો, અને ગલીઓ તેમજ શેરીઓમાં રથયાત્રામાં જોડાયેલા ભાઈ-બહેનોને પ્રેમથી જમાડવામાં આવ્યા હતા

સરસપુરમાં વિશ્રામ કર્યા પછી રથયાત્રા કાલુપુર પુલ પર થઈને પ્રેમદરવાજા, દરિયાપુર, શાહપુર, ઘીકાંટા, પાનકોરનાકા, માણેકચોક થઈને મોડી સાંજે નિજ મંદિરે પરત ફરી હતી.રથયાત્રા શહેરના સંવેદનશીલ ગણાવતા વિસ્તારોમાંથી શાંતિપૂર્ણ રીતે પસાર થતાં વહીવટીતંત્રે રાહતનો દમ લીધો હતો.રથયાત્રા દરમિયાન વરસાદ થતાં શ્રદ્ધાળુઓ ખુશ થયા હતા અને જય રણછોડના જયઘોષ સાથે વાતાવરણ ગજવી મુકયુ હતું.

આજની રથયાત્રા દરમ્યાન ભક્તોને ૨૧૦૦૦ કિલો મગ, ૪૦૦ કિલો જાંબુ, ૨૦૦ કિલો કેરી, ૨૦૦ કિલો કાકડી અને દાડમ તેમજ ૨ લાખ ઉપરણા પ્રસાદી રૂપે આપવામાં આવ્યા હતા. રથયાત્રાની આગેવાની ૧૯ સુશોભિત ગજરાજોએ લીધી હતી. ત્યાર પછી ભારતીય સંસ્કૃતિની ઝાંખી કરાવતી ૯૮ ટ્રકો લોકોના આકર્ષણનું કેન્દ્ર બની હતી. ટ્રકોમાંથી મગ, જાંબુ, કાકડી અને વિવિધ પ્રકારની ચોકલેટોનું વિતરણ કરાયું હતું. રથયાત્રામાં ૩૦ અખાડાઓ પણ જોડાયા હતા. જેમાં અનેક કસરતબાજોએ હેરત પમાડે તેવા અંગ કસરતના કરતબો દર્શાવીને લોકોને મંત્રમુગ્ધ કર્યા હતા. ૧૮ જેટલી ભજન મંડળીઓએ ભજન-કિર્તનની રમઝટ બોલાવી હતી. રથયાત્રાનું જમાલપુરમાં કોમી એખલાસ સમિતિ અને તાજિયા કમિટી દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારે કોમી એખલાસનું ઉષ્માભર્યું વાતાવરણ ઉભું થયું હતું. મ્યુ. કોર્પોરેશન ખાતે શહેરના મેયર સહિતના અન્ય પદાધિકારીઓ દ્વારા મહંતશ્રી દિલીપદાસજી અને રથયાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું હતું. રથયાત્રા ત્યાર પછી પોતાના પરંપરાગત રૂટ પર આગળ વધી હતી. ભગવાનના દર્શનનો લ્હાવો લેવા માટે અમદાવાદ જ નહીં ગુજરાતભરમાંથી લોકો ઉમટી પડ્યા હતા. મોડી સાંજે રથયાત્રા નીજમંદિરે પહોંચી હતી.

## દરિયાપુરમાં છત ધરાશાયી, એકનું મોત

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ની ગંભીર બેદરકારીના પરિણામે આજે દુર્ઘટના બનવા પામી છે. મ્યુનિસિપલ કોર્પોરેશનના મધ્ય ઝોનના એસ્ટેટ વિભાગ દ્વારા રથયાત્રાના રૂટ પર આવતાં તમામ જર્જરિત મકાનોની તપાસ કરીને એના પર જાહેર નોટિસ લગાવવામાં આવે છે તેમજ આ મકાન પર કોઈએ ગેલરીમાં ઊભું રહેવું નહીં એવી જાણ કરવામાં આવે છે, પરંતુ જર્જરિત મકાનોની કાર્યવાહી માત્ર કાગળ જ કરવામાં આવે છે. આને કારણે જ ઘટેલી આજની ગંભીર દુર્ઘટનાને પરિણામે એક યુવકનું મૃત્યુ થયું છે. રથયાત્રાના માર્ગ દરિયાપુર કડિયાનાકા પાસે મસ્જિદ નજીક મકાનની બીજા માળની બાલ્કનીનો ભાગ ધરાશાયી થયો છે, આથી નીચે ભગવાન જગન્નાથનાં દર્શન કરવા ઊભેલા ભાવિકો પર કાટમાળ પડ્યો હતો, આથી પોલીસ સહિત લોકોમાં દોડધામ મચી ગઈ હતી. આ ઘટનામાં ૩ બાળક સહિત ૧૦ ભાવિકોને ઈજા પહોંચી છે. પોલીસે તમામ ઈજાગ્રસ્તને કાટમાળમાંથી બહાર કાઢી તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડ્યા છે. જોકે રથયાત્રા વિના અવરોધે આગળ વધી રહી છે. આ દુર્ઘટનામાં એક યુવકનું મોત થયું છે. રથયાત્રા ચાલી રહી હતી એ દરમિયાન ટ્રકમાંથી લોકો પ્રસાદ આસપાસના લોકોમાં વહેંચી રહ્યા હતા. જોકે તેમને પણ પ્રસાદ આપવામાં આવ્યો હતો અને પ્રસાદ લેવા લોકો નીચે વળતાં બાલ્કની તૂટી પડી હોવાનું સ્થાનિક લોકોનું કહેવું છે.

## યુનિફોર્મ સિવિલ કોડને લઈને ભાજપ અને કોંગ્રેસના નેતાઓ વચ્ચે શબ્દયુદ્ધ વધુ તીવ્ર

નવીદિલ્હી,

યુનિફોર્મ સિવિલ કોડ (યુસીસી)ને લઈને ભાજપ અને કોંગ્રેસના નેતાઓ વચ્ચે શબ્દયુદ્ધ વધુ તીવ્ર બની રહ્યું છે. ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા શહજાદ પૂનાવાલાએ આને લઈને કોંગ્રેસ પર નિશાન સાધ્યું છે.

પૂનાવાલાએ કહ્યું કે યુસીસી બંધારણની જોગવાઈમાં છે. તે ભાજપના મેનિફેસ્ટોનો પણ એક ભાગ છે. મને સમજાતું નથી કે કોંગ્રેસ શા માટે વિરોધ કરી રહી છે? પૂનાવાલાએ વધુમાં કહ્યું કે કોંગ્રેસે UCCને બંધારણનો એક ભાગ બનાવ્યો. ગોવામાં જ્યારે તેનો અમલ થયો ત્યારે ત્યાં કોંગ્રેસ સત્તામાં હતી.

આ પહેલા કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે ઉત્તરાખંડમાં કહ્યું હતું કે વોટ બેંકની રાજનીતિના કારણે યુસીસી પર હોબાળો મચી રહ્યો છે. જો સરકારે બંધારણથી અલગ કામ કર્યું હોય અથવા તેનું ઉલ્લંઘન કર્યું હોય તો તે ખોટું છે એમ કહી શકાય.

રાજનાથે એમ પણ કહ્યું કે બંધારણ બાબાસાહેબ આંબેડકર અને અન્ય દિગ્ગજો દ્વારા બનાવવામાં આવ્યું હતું. રાજનાથે કહ્યું કે યુસીસી પર સરકારનું આ એક પ્રમાણિક પગલું છે. રાજનીતિ સરકાર બનાવવા માટે નહી પરંતુ દેશ અને સમાજના નિર્માણ માટે થવી જોઈએ.

યુનિફોર્મ સિવિલ કોડનો અર્થ દેશમાં રહેતા તમામ ધર્મો માટે એક જ કાયદો હશે. આ અંતર્ગત દેશમાં રહેતા તમામ ધર્મ અને સમુદાયના લોકો માટે સમાન કાયદો લાગુ કરવાનો છે. યુસીસીમાં, મિલકતના સંપાદન અને સંચાલન, લગ્ન, છૂટાછેડા અને દત્તક લેવા વગેરે અંગે બધા માટે સમાન કાયદો બનાવવાનો છે.

## સમાન નાગરિક સંહિતા આપણા દેશના નિર્દેશક સિદ્ધાંતોનો એક ભાગ છે :રાજનાથ સિંહ



દહેરાદુન,

ઉત્તરાખંડની રાજધાની દેહરાદૂનમાં કેન્દ્રીય રક્ષા મંત્રી રાજનાથ સિંહે યુનિફોર્મ સિવિલ કોડને લઈને ચાલી રહેલા હંગામા માટે વિપક્ષ પર નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું કે સમાન નાગરિક સંહિતા આપણા દેશના નિર્દેશક સિદ્ધાંતોનો એક ભાગ છે. તેમણે પ્રશ્ન કર્યો હતો કે આ અંગે વિવાદ શા માટે છે. રાજનાથ સિંહે કહ્યું, "તે ગોવામાં પહેલાથી જ લાગુ થઈ ચૂક્યું છે. હવે કાયદા પંચ આખા દેશમાં આ અંગે અભિપ્રાય લઈ રહ્યું છે. લઘુમતી સમુદાયના લોકો પણ કહી રહ્યા છે કે અમે UCC પર આક્રમક વલણ નહીં લઈએ." વિપક્ષ પર કટાક્ષ કરતા તેમણે કહ્યું કે, "યુસીસી વોટ બેંક માટે ઉભું કરવામાં આવી રહ્યું છે. અમે કોઈ પણ સંજોગોમાં હિન્દુ-મુસ્લિમ, શીખ-ઈસાઈના આધારે દેશનું વિભાજન કરી શકીએ નહીં. મુસ્લિમ સમુદાયના ઘણા લોકો પણ અમને મત આપે છે." પરંતુ કેટલાક લોકો ગેરમાર્ગે દોરે છે." વાસ્તવમાં વિરોધ પક્ષો દ્વારા યુસીસીનો વિરોધ કરવામાં આવી રહ્યો છે. જો કે તેના સમર્થનમાં ઘણા નેતાઓ છે. શિવસેના ના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ રવિવારે (૧૮ જૂન) કહ્યું હતું કે તમામ નાગરિકો માટે સમાન નાગરિક સંહિતા આવકાર્ય છે પરંતુ તેના અમલીકરણથી હિંદુઓ પર પ્રતિકૂળ અસર થશે કે કેમ તે અંગે આશ્ચર્ય થયું. કોંગ્રેસના નેતા સલમાન ખુર્શીદે યુનિફોર્મ સિવિલ કોડ વિશે કહ્યું કે, "અમને ખબર નથી કે ઉત્તરાખંડ શું કરી રહ્યું છે, અમારે યુનિફોર્મ સિવિલ કોડ માટે દેશના કાયદામાં ફેરફાર કરવો પડશે. આ સાથે તેમણે કહ્યું કે આ જોઈને થવું જોઈએ. ૨૦૨૪ ની ચૂંટણી વખતે થતો હતો." જમીયત ઉલેમા-એ-હિંદના ચીફ મૌલાના અરશદ મદનીએ યુસીસીવિશે કહ્યું, 'અમે યુનિફોર્મ સિવિલ કોડનો વિરોધ કરીશું પરંતુ રસ્તા પર ઉતરીશું નહીં. યુનિફોર્મ સિવિલ કોડનો હેતુ હિંદુ-મુસ્લિમ વચ્ચે અંતર બનાવવા અને તેમને અલગ કરવાનો છે.

## તમામ દેશોએ આંતરરાષ્ટ્રીય કાયદાનું સન્માન કરવું જોઈએ : વડાપ્રધાન નરેન્દ્ર મોદી



નવીદિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ યુએસ પ્રવાસની શરૂઆત પહેલા 'વોલ સ્ટ્રીટ જર્નલ'ને આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે તમામ દેશોએ આંતરરાષ્ટ્રીય કાયદા અને સાર્વભૌમત્વનું સંપૂર્ણ સન્માન કરવું જોઈએ. સાથે જ તેમણે કહ્યું કે ચીન સાથે સામાન્ય સંબંધો માટે સરહદી વિસ્તારોમાં શાંતિ અને સ્થિરતા જરૂરી છે.

વડાપ્રધાન મોદીએ કહ્યું- અમે કાયદાના શાસન અને મતભેદો અને વિવાદોના શાંતિપૂર્ણ નિરાકરણને અનુસરીને સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાના સન્માનમાં મુખ્ય વિશ્વાસ ધરાવીએ છીએ. તે જ સમયે, ભારત તેની સાર્વભૌમત્વ અને ગૌરવની રક્ષા માટે સંપૂર્ણ રીતે તૈયાર અને પ્રતિબદ્ધ છે.

તેમણે કહ્યું કે ચીન સાથે સામાન્ય સંબંધો માટે સરહદી વિસ્તારોમાં શાંતિ અને સ્થિરતા જરૂરી છે. તમને જણાવી દઈએ કે ૧૫ જૂન, ૨૦૨૦ના રોજ પૂર્વી લદ્દાખની ગાલવાન ખીણમાં ભારત અને ચીનની સેના વચ્ચે ઘર્ષણ થયું હતું. પાંચ દાયકામાં વાસ્તવિક નિયંત્રણ રેખા પર આ પ્રકારની પ્રથમ અથડામણ હતી અને તેનાથી દ્વિપક્ષીય સંબંધોમાં તણાવ આવ્યો છે.

યુક્રેન અને રશિયા વચ્ચે ચાલી રહેલા યુદ્ધમાં ભારતની ભૂમિકા સાથે જોડાયેલા એક પ્રશ્ન પર વડાપ્રધાન મોદીએ કહ્યું કે ભારત શાંતિના પક્ષમાં છે. તેમણે કહ્યું, "તમામ દેશોએ આંતરરાષ્ટ્રીય કાયદા અને દેશોની સાર્વભૌમત્વનું સન્માન કરવું જોઈએ. વિવાદોનો ઉકેલ 'કુટનીતિ અને સંવાદ' દ્વારા થવો જોઈએ, યુદ્ધથી નહીં." "કેટલાક લોકો કહે છે કે અમે તટસ્થ છીએ. પરંતુ અમે તટસ્થ નથી. અમે શાંતિ માટે છીએ. વિશ્વને સંપૂર્ણ વિશ્વાસ છે કે ભારતની સર્વોચ્ચ પ્રાથમિકતા શાંતિ છે," તેમણે કહ્યું. મોદીએ કહ્યું કે ભારત સંઘર્ષનો અંત લાવવા અને સ્થાયી શાંતિ અને સ્થિરતા સુનિશ્ચિત કરવા માટે ગમે તે કરશે. તેમણે કહ્યું કે ભારત આ દિશામાં તમામ સાચા પ્રયાસોનું સમર્થન કરે છે.

ભારત-અમેરિકા સંબંધોનો ઉલ્લેખ કરતાં વડા પ્રધાને કહ્યું કે બંને દેશોના નેતાઓ વચ્ચે અભૂતપૂર્વ વિશ્વાસ છે. તેમણે કહ્યું કે ભારત ઉચ્ચ, ઊંડી અને વ્યાપક પ્રોફાઈલ અને વ્યાપક ભૂમિકાને પાત્ર છે. અમે ભારતને કોઈ દેશની બદલી તરીકે જોતા નથી. અમે આ પ્રક્રિયાને જોઈ રહ્યા છીએ કે ભારત વિશ્વમાં તેનું યોગ્ય સ્થાન પાછું મેળવી રહ્યું છે. વડાપ્રધાને કહ્યું કે તેમનો જન્મ સ્વતંત્ર ભારતમાં થયો છે અને તેથી જ તેમની વિચાર પ્રક્રિયા, તેમનું આચરણ અથવા તેઓ જે કહે છે અને કરે છે તે દેશની લાક્ષણિકતાઓ અને પરંપરાઓથી પ્રેરિત અને પ્રભાવિત છે. તેમાંથી મને મારી શક્તિ મળે છે, એમ તેણે કહ્યું. હું મારા દેશને દુનિયા સમક્ષ રજૂ કરું છું જેવો મારો દેશ છે અને મારી જાતને હું જેવી છું.'

## ૪૮ દિવસથી સળગી રહ્યું છે મણિપુર : ૧૦૦થી વધુ લોકોના મોત, હજારો લોકો બેઘર

ઈમ્ફાલ,

મણિપુરમાં મૈતેઈ અને કુકી સમુદાયની વચ્ચે ૩ મેથી હિંસા ભડકેલી છે. આ હિંસામાં આશરે ૧૦૦ લોકો મૃત્યુ પામ્યાં છે. જ્યારે ૧૦ હજારથી વધારે લોકોનાં ઘર સળગાવી દેવામાં આવ્યાં છે. ૪૧૦૦થી વધુ લોકો ફરિયાદ નોંધાવી ચૂક્યાં છે. ભયનાં લીધે હજારો લોકો ભાગી ગયાં છે. કેટલાક લોકો મિઝોરમ તો કેટલાક અસમમાં જતાં રહ્યાં છે. ૫૦૦૦૦ લોકોને રાહત શિબિરમાં રાખવામાં આવ્યું છે. સ્થિતિને કાબૂમાં લાવવા માટે ૧૦ હજારથી પણ વધારે સુરક્ષાબળોને તૈનાત કરવામાં આવ્યું છે. હિંસા ફેલાવનારા સરેંડર પણ કરી રહ્યાં છે તેમ છતાં હજુ સુધી રાજ્યમાં હિંસા શાંત નથી થઈ રહી. કેન્દ્રીય વિદેશ રાજ્યમંત્રી આર.કે.રંજનનું ઘર સળગાવી દેવામાં આવ્યું છે. શાંતિની અપિલ પણ અનેક વખત કરવામાં આવી છે પરંતુ સ્થિતિ સુધરવાનું નામ જ નથી લઈ રહી. સરકાર અને સરકારી તંત્રનું કોઈ સાંભળવા જ તૈયાર નથી. કેન્દ્રીય સશસ્ત્ર બળની ૮૪ કંપનીઓને રાજ્યમાં તૈનાત કરવામાં આવી છે. આ સિવાય રાઈફલ્સનાં પણ ૧૦ હજારથી વધુ જવાનો તૈનાત છે તેમ છતાં મણિપુરની સ્થિતિ બગડતી જાય છે.

## આસામમાં પૂરની તબાહી, ૧૦ જિલ્લામાં ૩૧ હજાર લોકો પ્રભાવિત, વરસાદ માટે રેડ એલર્ટ જારી

ગુવાહાટી,

આસામમાં પૂરની સ્થિતિ ગંભીર બની ગઈ છે. રાજ્યના ૧૦ જિલ્લામાં ૩૧ હજારની વસ્તી પૂરની ઝપેટમાં છે. બીજી તરફ હવામાન વિભાગે વરસાદ માટે રેડ એલર્ટ જાહેર કર્યું છે. આસામના ઘણા જિલ્લાઓમાં આગામી પાંચ દિવસમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

આસામ સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી અનુસાર, ચિરાંગ, દરરંગ, ધેમાજી, ધુબરી, ડિબ્રુગઢ, કોકરાઝાર, લખીમપુર, નલબારી, સોનિતપુર અને ઉદલગુરી જિલ્લામાં પૂરના કારણે ૩૦,૭૦૦ થી વધુ લોકો પ્રભાવિત થયા છે. લખીમપુર જિલ્લો સૌથી વધુ પ્રભાવિત છે. અહીં લગભગ ૨૨ હજાર લોકો પૂરની ઝપેટમાં છે. જ્યારે ડિબ્રુગઢ જિલ્લામાં ૩,૮૦૦ અને કોકરાઝારમાં લગભગ ૧,૮૦૦ લોકો પ્રભાવિત થયા છે.

પૂર અસરગ્રસ્તો માટે ૭ જિલ્લામાં ૨૫ રાહત વિતરણ કેન્દ્રો ચલાવવામાં આવી રહ્યા છે. જો કે હજુ સુધી કોઈ રાહત શિબિર ગોઠવવામાં આવી નથી. રાજ્યના લગભગ ૪૪ ગામો પૂરની ઝપેટમાં છે, જ્યારે લગભગ ૨૩ હેક્ટરના પાકને નુકસાન થયું છે. વિશ્વનાથ, ધુબરી, ડિબ્રુગઢ, ગોલાઘાટ, કામરૂપ, કરીમગંજ, કોકરાઝાર, લખીમપુર, માજુલી, મોરીગાંવ, નાગાંવ, નલબારી, શિવસાગર, સોનિતપુર, દક્ષિણ સલમારા, તામુલપુર અને ઉદલગુરીમાં મોટા પાયે ધોવાણ જોવા મળ્યું છે.

**બીજા પ્રયત્ને ઓનલાઈન ટેન્ડરની જાહેર નિવિદા**
**નં.૭૯૩ તા.૧૨/૬/૨૦૨૩**
**લુણાવાડા નગરપાલીકા, લુણાવાડા, જી.મહિસાગર**

ટેન્ડર આઈ.ડી.નં. ૫૯૮૩૪૬

આથી લુણાવાડા નગરપાલીકામાં સરકારશ્રી દ્વારા ખાનગી સોસાયટી જન ભાગીદારી યોજના હેઠળ ગટર લાઈન સાથે જોડાયેલ ન હોય તેવા રહેણાંક ઘરોની ગટર લાઈનને મુખ્ય ગટર લાઈન સાથે જોડવાની કામગીરી માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામા આવે છે. અન્ય ટેન્ડરની વિગતો ઓનલાઈન www.nprocure.com પર જોઈ શકાશે.

| | |
|---|---|
| ટેન્ડર ડાઉનલોડ કરવાની છેલ્લી તારીખ | ૧૯/૦૬/૨૦૨૩ ના ૧૮:૦૦ કલાક સુધી |
| ફિઝિકલ બિડ સબમીશનની છેલ્લી તારીખ | ૨૩/૦૬/૨૦૨૩ ના ૧૮:૦૦ કલાક સુધી |
| ટેકનીકલ બિડ ખોલવાની તારીખ | ૨૬/૦૬/૨૦૨૩ના ૧૨:૦૦ કલાકના રોજ |

ઉપરોક્ત કામોના ટેન્ડર સ્વિકારવા અંગે તમામ હક્ક અધિકાર નગરપાલીકાને અબાધીત રહેશે.

| | |
|---|---|
| (દુશ્યંત પંડયા) ચીફ ઓફિસર લુણાવાડા નગરપાલીકા | (ઈશ્વરભાઈ પટેલ) વહીવટદાર લુણાવાડા નગરપાલીકા |

માહિતી/ગોધરા/૨૨૫/૨૦૨૩

**શહેરા નગરપાલિકા**
**દુકાનો (ફુડ કોર્ટ)ની જાહેર હરાજી**

આથી જાહેર જનતાને જણાવવાનુ કે શહેરા નગરપાલિકા દવારા નગરપાલિકા વિસ્તારમાં કે ગામ તળાવ ડેવલોપમેન્ટમાં ગાર્ડન એરીયામાં ૯ દુકાનો (ફુડ કોર્ટ) બનાવવામાં આવેલ છે. જે ૧૧ માસના સમયગાળા માટે હંગામી ધોરણે ભાડે આપવાની જાહેર હરાજી તા.૨૭/૦૬/૨૦૨૩ ને મંગળવારના રોજ સમય ૧૨.૦૦ કલાકે શહેરા નગરપાલિકા ટાઉનહોલમાં રાખવામાં આવેલ છે.

ઉકત હરાજી માટે રસ ધરાવતા ઈસમોએ તા.૨૩/૦૬/૨૦૨૩ને શુક્રવાર સુધી ઓફીસ કામકાજના સમય દરમ્યાન શહેરા નગરપાલિકા કચેરી ખાતે હરાજીમાં ભાગ લેવા માટેનું અરજી ફોર્મ ભરી સાથે આધારકાર્ડ અને રૂ.૫૦૦(નોન રીફન્ડેબલ) હરાજીમાં ભાગ લેવા માટેની ફી તથા રૂા.૫૧,૦૦૦/– (રીફન્ડેબલ) ડીપોઝીટ પેટે જમા કરાવવાની રહેશે. પ્રતિ દુકાન (ફુડ કોર્ટ)ની માસિક ભાડાની અપસેટ કિંમત રૂા.૫૦૦૦ રહેશે. ડીપોઝીટની રકમની પહોચ વગરના ઈસમો હરાજીમાં ભાગ લઈ શકશે નહી. દુકાનો (ફુડ કોર્ટ)ની બોલી બોલનાર ઈસમે ૧૧ માસની કુલ રકમના ૨૫% રકમ સ્થળ પર ભરપાઈ કરવાની રહેશે. અને બાકીની ૭૫% રકમ દિન–૧૦ માં નગરપાલિકાની કચેરીએ ભરપાઈ કરવાની રહેશે. ત્યારબાદ કરાર કરી ઉકત દુકાનનો કબજો આપવાનો રહેશે. હરાજી બાબતની તમામ સત્તાઓ નગરપાલિકાને અબાધિત રહેશે.

-સહી--
પ્રમુખ
શહેરા નગરપાલિકા

માહિતી/ગોધરા/૨૨૨/૨૦૨૩

**સરદાર સરોવર નર્મદા નિગમ લીમીટેડ**
**(ગુજરાત સરકારનું સંયુક્ત સાહસ)**

કાર્યપાલક ઈજનેરશ્રી, નાયો નહેર,વિ.નં.૧૭, કાલોલ (પંચ) હસ્તકનું કામ
ટેન્ડર નોટીસ નં. ૦૫ સને ૨૦૨૩–૨૪

(૧) કામનું નામ : એમ એન્ડ આર વર્ક ઓફ ડેસર બ્રાંચ કેનાલ ફોર ધ યર ૨૦૨૩–૨૪.

અંદાજીત રકમ : ૨૩૮.૦૯ લાખ

(૨) કામનું નામ : એમ એન્ડ આર વર્ક ઓફ ખંડોલી માઈનોર, અદ્રખીયા માઈનોર એન્ડ માનેકલા માઈનોર ફોર ધ યર ૨૦૨૩–૨૪.

અંદાજીત રકમ : ૪૭.૨૭ લાખ

ઓનલાઈન બીડ સબમીશન કરવાની છેલ્લી તારીખ અને સમય :
તા.૨૬/૦૬/૨૦૨૩, ૧૮:૦૦ કલાક સુધી

નોંધઃ ટેન્ડરના વોલ્યુમ–૨ની સ્પેશીયલ કન્ડીશન વાંચીને ટેન્ડર ભરવાનું રહેશે.
વધુ માહિતી માટે સંબંધીત વેબસાઈટ જુઓ www.ssnnl.nprocure.com

માહિતી/ગોધરા/૨૫૨/૨૦૨૩

### ૨૧ જૂન વિશ્વ યોગ દિવસ

# મહીસાગર જીલ્લા કક્ષાનો વિશ્વ યોગ દિવસનો કાર્યક્રમ લુણાવાડા પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે યોજાશે

મહીસાગર,

વિશ્વ યોગ દિવસની ઉજવણીની પૂર્વ તૈયારીના ભાગરૂપે મહીસાગર જીલ્લા કલેક્ટર ભાવિન પંડ્યાના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં કલેક્ટરએ સબંધિત વિભાગોને સ્ટેજ, મંડપ, મેડિકલ વ્યવસ્થા, સાફ સફાઈ, પીવાનું પાણી, સાઉન્ડ સિસ્ટમ તેમજ લાઈવ સ્ક્રીન વગેરેની વ્યવસ્થા કરવા જરૂરી સૂચનાઓ આપી હતી. તેમજ આ કાર્યક્રમમાં લોકો વધુને વધુ સહભાગી બને તે માટે યોગ્ય કામગીરી કરવા પણ અધિકારીઓને જણાવ્યું હતું.




મહીસાગર જીલ્લા કક્ષાના વિશ્વ યોગ દિવસની ઉજવણી લુણાવાડા પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રી ડો કુબેરભાઈ ડિંડોરની ઉપસ્થિતિમાં યોજાશે.આ ઉપરાંત લુણાવાડા તેમજ તાલુકામાં તાલુકા કક્ષાએ અને નગરપાલિકાઓમાં નગરપાલિકા કક્ષાએ ઉજવણી કરવામાં આવનાર છે.

આ બેઠકમાં નિવાસી અધિક કલેક્ટર સી.વી. લટા, આરોગ્ય અધિકારી, નાયબ જીલ્લા પોલીસ અધિક્ષક, જીલ્લા રમત વિકાસ અધિકારી, લુણાવાડા મામલતદાર, લુણાવાડા તાલુકા વિકાસ અધિકારી સહિત સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# લુણાવાડાના લાલસર ગામે જુના કેસમાં સમાધાન કરવા નિવૃત્ત શિક્ષકને ચાર ઈસમોએ માર માર્યો

લુણાવાડા,

લુણાવાડાના લાલસર ગામે નિવૃત્ત શિક્ષકને જુના કેસના સમાધાન કરવા બાબતે ચાર ઈસમોએ કરમાં પ્રવેશ કરીને મારમારીને ઘરના સોફા પર પૈસા ભરેલ પાકિટની લુંટ કરી હોવાની પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.

લાલસર ગામે નિવૃત્ત શિક્ષક અંબાલાલ કાળીદાસ પ્રજાપતિ પોતાના લાલસર ગામે ઘરે એકલા હતા તે દરમિયાન રાકેશભાઈ કનુભાઈ પટેલ, આર્ચનભાઈ રાકેશભાઈ પટેલ, રાકેશભાઈનો ભાણો ઉત્સવ પટેલ આવીને કહેલ કે, તુ કેમ જુના કેસનુ સમાધાન કરતો નથી તેમ કહેતા અંબાલાલે મારા દિકરાએ ફરિયાદ કરેલ છે તેમ કહેતા ત્રણેવ જણાએ અપશબ્દો બોલીને અંબાલાલને માર મારતા તેઓ મારથી બચવા ઘરના રૂમમાં જઈને દરવાજો બંધ કરવાની કોશિષ કરતા વિપુલ ઉર્ફે અંકુર શાંતિલાલ પટેલે દરવાજાને લાત મારીને નકુચો તોડી ઘરમાં ચાર જણાએ પ્રવેશ કરીને અંબાલાલને ખાટલ પર પાડી દઈને ગડદાપાટુનો મારમારી આજ પછી જો અમારૂ નામ લીધુ છે તો જાનથી મારી નાંખીશુ તેવી ધમકી આપી જતી વેળા ઘરના સોફા પર મુકેલ રૂ.૬૨,૩૦૦/-ભરેલ પાકિટ આર્ચને લઈને ઉત્સવને આપ્યુ હતુ. ઘાયલ અંબાલાલ પ્રજાપતિને વડોદરા ખાનગી હોસ્પિટલમાં ખસેડાતા કોઠંબા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ચાર ઈસમો સામે ૩૨૩, ૩૯૪, ૪૪૨, ૫૦૪,૫૦૬(૨)ની કલમ મુજબ ગુનો નોંધી આગળ તપાસ હાથ ધરી હતી.

# મલેકપુર થી ૯ કિમી આવેલ સેમારાના મુવાડા બસ સ્ટેશન થી નવી વસાહત ખાંટ ફળીયામાં જતા રોડની અધુરી કામગીરી લઈને લોકો ત્રસ્ત


તસ્વીર : વીરભદ્ર સિસોદીયા, મલેકપુર

મલેકપુર,

મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના સેમારાના મુવાડા ગામના બસ સ્ટેન્ડ રામદેવપીરના મંદિરે થી નવી વસાહત ખાંટ ફળીયામાં જતા રોડનું નવીનીકરણ કામકાજ કોન્ટ્રાકટર દ્વારા ૭ થી ૮ મહિના પહેલા શરૂ કરવામાં આવેલ હતું. રોડની કામગીરી જાણે કે ગોકળ ગતિની જેમ ધીમીગતિએ કરવામાં આવતા સ્થાનિક લોકોમાં રોષનો માહોલ જોવા મલ્યો હતો. જયારે કોન્ટ્રાકટરો દ્વારા રોડ પર ૪ થી ૫ મહિના પહેલા કાળી કપચી પાથળી તેમજ બારીક ભૂકી પાથરી અને ડામરની કામગીરી બાકી મુકવામાં આવેલ હતી. જયારે રોડ ઉપર ડામરની કામગીરી લઈને ૪ થી ૫ મહિના પૂર્ણ થયા હોવા છતાં પણ હજૂ સુધી ડામરની કામગીરી હાથ ધરવામાં ન આવતા લોકોમાં રોષનો માહોલ જોવા મળી રહ્યો છે. રોડ ઉપર કાળી કપચી બહાર નીકળી જવાના કારણે સ્થાનિક રહીશો તેમજ વાહન ચાલકોને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. અધુરી રોડની કામગીરી તેમજ કાળી મેટલ બહાર આવી જવાના કારણે લોકોમાં રોષનો માહોલ તેમજ કાળી મોટી કપચી બહાર આવી જતા બાઈક ચાલકોને તેમજ મુસાફરોને થયા પરેશાન. જયારે ચોમાસાની ઋતુની પણ શરૂઆત થઈ હોવા છતાં પણ રોડની કામગીરી પૂર્ણ ન થતાં સ્થાનિક લોકોમાં અનેક પ્રશ્નો ઉદ્દભવી રહ્યા છે. શું ? રોડની કામગીરી પૂર્ણ થશે કે પછી જૈસે થે વૈસે જ રહેશે. તેવી લોકમુખે ચર્ચાએ જોર પકડયું છે. અધુરી રોડની કામગીરી ક્યારે પૂર્ણ કરવામાં આવશે તે જોવાનું બાકી રહ્યું.

### કાળી કપચી બહાર નીકળી જતા બાઈક ચાલકો તેમજ સ્થાનિક લોકો પરેશાન

# લુણાવાડા બસ સ્ટેન્ડમાં દિવાલો પર ઉગેલ વૃક્ષોથી દિવાલ પડવાની આશંકા

મલેકપુર,

બિપરજોય વાવાઝોડુ પસાર થયા બાદ ભારે પવન સાથે વરસાદ વરસ્યો હતો. અનેક ઠેકાણે વૃક્ષો તેમજ વીજપોલ ધરાશાયી થવાની ઘટનાઓ બની રહી છે. લુણાવાડા પાલિકા તંત્ર દ્વારા જર્જરિત મકાનો ઉતારી લેવા મકાન માલિકોને જાહેર નોટિસ મારફતે સુચનાઓ આપી છે. પરંતુ મુસાફરોની સુરક્ષા માટે બેદરકાર લુણાવાડા એસ.ટી.તંત્ર જાગ્યુ નથી.

લુણાવાડા એસ.ટી.બસ સ્ટેન્ડ બહાર ભયજનક ખાડાઓ અકસ્માત નોતરે તેવી શકયતાઓ છે. આ સમસ્યા અંગે લાંબા સમયથી એસ.ટી.તંત્રના અધિકારીઓ નિષ્ક્રિય છે. લુણાવાડા એસ.ટી.બસ સ્ટેન્ડ હસ્તકની કમ્પાઉન્ડની દિવાલ પર ઉગેલા વૃક્ષો અકસ્માતને આમંત્રણ આપે તેવી સ્થિતિ સર્જાઈ છે. દિવાલ પર ઉગેલા વૃક્ષો મોટા થઈ જવાના કારણે દિવાલ નમી પડી છે જેથી ગમે ત્યારે જમીનદોસ્ત થાય તેવી શકયતા છે. લુણાવાડા એસ.ટી.બસ સ્ટેન્ડ મુસાફરોથી ભરચક રહે છે. આ વિસ્તારમાં દિવાલ પડે અને તેવા સમયે આસપાસ મુસાફરો હોય તો તેમને નુકસાન થાય તેવો ભય ઉભો થયો છે. મુસાફરો દિવાલની સ્થિતિ જોતા તે તરફ ઉભા રહેવાનુ ટાળે છે. પરંતુ એસ.ટી.તંત્ર આ બાબતે બેદરકારી દાખવી રહ્યુ છે.

# દાહોદની તાલુકા પંચાયત ખાતે ખેતીવાડી NFSM વિભાગ દ્વારા ખેડૂતોને ફ્રી મિનિકીટસ વિવિધ ઘટકના પૂર્વ મંજૂરી હુકમ ધારાસભ્યના હસ્તે વિતરણ કરાયું

દાહોદ,

૧૮ મી જૂનના રોજ વાત કરવામાં આવેતો દાહોદની તાલુકા પંચાયત ખાતે તાલુકા ખેતીવાડી વિભાગ અને NFSM યોજના દ્વારા દાહોદ તાલુકાના ખેડૂતોને NFSM યોજના અંતર્ગત હાજર ખેડૂતોને ફ્રી મિનિકીટ્સ તથા ટ્રેક્ટર પાક સંગ્રહ સ્ટ્રક્ચર અને રોટાવેટર ઘટકના પૂર્વ મંજૂરી હુકમના વિતરણો કરાયા હતા. જેમાં મોટી સંખ્યામાં દાહોદ તાલુકાના ખેડૂતોએ લાભ લીધો હતો. જેમાં દાહોદના ધારાસભ્ય કનૈયાલાલ કિશોરી અને ગરબાડાના ધારાસભ્ય મહેન્દ્ર ભાભોર ઉપસ્તિથ રહ્યા હતા. જેમની ઉપસ્તિથીમાં હાજર ખેડૂતોને ફ્રી મિનિકીટ્સ તથા ટ્રેક્ટર પાક સંગ્રહ સ્ટ્રક્ચર અને રોટાવેટરના ઘટકના પૂર્વ મંજૂરીના હુકમોનું વિતરણ કરાયું. જેમાં ધારાસભ્ય કનૈયાલાલ કિશોરી અને મહેન્દ્ર ભાભોરના હસ્તે ખેડૂતોને વિતરણ કરાયું હતું.

# કાંકણપુર કોલજના મનોવિજ્ઞાન વિષયના નિષ્ણાંત પ્રોફેસર ડો.નરસિંહભાઈ પટેલનો વયનિવૃત્તિ વિદાય સમારંભ યોજાયો

કાંકણપુર,

સર્વોદય ચેરીટેબલ ટ્રસ્ટ કાંકણપુર દ્વારા સંચાલિત જે.એલ.કે.કોટેચા આર્ટસ અને એસ.એચ ગાર્ડી કોમર્સ કોલેજ ખાતે તાજેતરમાં મનોવિજ્ઞાન વિષયના પ્રોફેસર તેમજ શ્રીગોવિંદ ગુરૂ યુનિવર્સિટીમાં એન.એસ.એસ. વિભાગના પૂર્વ કો.ઓર્ડીનેટર ડો. નરસિંહભાઈ એચ. પટેલનો વયનિવૃત્તિ વિદાય સન્માન કાર્યક્રમ કાંકણપુર બી.એડ.કોલેજના સભાખંડમાં દબદબાભેર સંપન્ન થયો. આ કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. તેમાં આવેલ મહેમાનોનું શાબ્દિક આવકાર પ્રવચન કોલેજના આચાર્ય ડો. જગદીશભાઈ પટેલ દ્વારા તેમજ પુષ્પગુચ્છ અને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. દરમ્યાન આવેલા મહાનુભાવો તેમજ કોલેજના તમામ અધ્યાપકો દ્વારા તેમની સાથે વિતાવેલા સંસ્મરણોનો રજૂ કર્યા હતા. તેમને કરેલા કાર્યો અંગે તમામ મહાનુભાવોએ પોતાના અલગ અલગ મંતવ્યો રજૂ કર્યા હતા. ડો. નરસિંહભાઈ પટેલે તેમણે અત્યાર સુધી કોલેજમાં અધ્યાપક તરીકે થયેલા અનુભવો રજૂ કર્યા હતા. તેમજ તેમના આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત કરી તેમનો આભાર વ્યક્ત કર્યો હતો. આ સાથે તેમને ટ્રસ્ટને એક નાનકડી ચેક સ્વરૂપે ભેટ આપી હતી. દરમ્યાન તેમને સર્વોદય ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સન્માન પત્ર આપવામાં આવ્યું હતું. ત્યારબાદ આવેલ મહેમાનો દ્વારા તેમને ગિફ્ટ, સાલ, ફૂલહાર આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શ્રીગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના કુલપતિ પ્રો.પ્રતાપસિંહ ચૌહાણ સાથે એસપીટી ના આચાર્ય ડો.એમ.બી. પટેલ, અધ્યાપક મંડળના પ્રમુખ ડો.મહાવીરસિંહ ડાભી, કાંકણપુર કોલેજના આચાર્ય ડો.જગદીશભાઈ પટેલ તેમજ આસપાસની તમામ કોલેજોના આચાર્યઓ, અધ્યાપકો, શિક્ષકો, આસપાસના ગામડાઓના વડીલો, તેમના સગાસંબંધીઓ વિદ્યાર્થીઓ વગેરે ખાસ ઉપસ્થિત રહીને તેમને તેમના જીવનમાં ધાર્મિક, શૈક્ષણિક, તેમજ સુખ શાંતિથી જીવન જાય તેવી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.



# દે.બારીઆ પાલિકા દ્વારા સ્ટેટ હાઈવેની બાજુમાં આડસ ઉભી કરતા ટ્રાફિકની સમસ્યા

દે.બારીઆ,

દે.બારીઆ નગરના ટાવર પાસે પાલિકા દ્વારા સ્ટેટ હાઈવેની બાજુમાં ઉભી રહેતી લારીઓ હટાવી રોડની બાજુમાં પાઈપો નાંખી આડસ ઉભી કરી દેતા ટ્રાફિકની સમસ્યા તેમજ અકસ્માતની ભિતીને કારણે વહેલી તકે આડાસ દુર કરવામાં આવે તેવી માંગ કરાઈ છે.

નગરના ટાવર પાસે પાલિકા તંત્ર દ્વારા વર્ષ-૨૦૧૮ માં ૧૭ દુકાનોનુ શોપિંગ સેન્ટર બનાવવામાં આવ્યુ હતુ. જે દુકાનોની આજદિન સુધી હરાજી ના થતાં હાલમાં આ શોપિંગ સેન્ટરની સ્ટેટ હાઈવે તરફની તમામ દુકાનો બંધ હાલતમાં છે. ત્યારે તે દુકાનોની આગળ સાંજના સમયે કેટલીક ખાણી-પીણીની લારીઓ ઉભી રહેતા તે લારીઓના દબાણને દુર કરી પાલિકા તંત્રએ રોડની બાજુમાં લોખંડની પાઈપોના બેરીકેટ કરી દેવાયા છે. જેના કારણે આ રસ્તો સાંકડો થઈ જતા સતત ભરચક રહેતા શાકમાર્કેટ વિસ્તારમાં તેમજ અહિં ચાર રસ્તા હોવાથી ચેનપુર તરફથી રેતી ભરી આવતી ટ્રકોની સતત અવર જવરના કારણે આ વિસ્તારમાં સતત ટ્રાફિકની સમસ્યા જોવા મળી રહી છે. છતાં પાલિકા તંત્ર દ્વારા પોતે દબાણ દુર કરવાની જગ્યાએ પોતે જ દબાણ સમાન આ આડશ ઉભી કરી દેતા હવે વધુ ટ્રાફિકની સમસ્યા તેમજ અકસ્માત સર્જાય તેમ જોવાઈ રહ્યુ છે.

# લીમખેડાના પાલ્લી ગામે બે બાઈકો વચ્ચે અકસ્માત : એક બાઈક ચાલકનું મોત

દાહોદ,

દાહોદ જીલ્લાના લીમખેડા તાલુકાના પાલ્લી ગામે એક મોટરસાઈકલના ચાલકે સામેથી આવતી અન્ય એક મોટરસાઈકલને અડફેટમાં લઈ જોશભેર ટક્કર મારતાં મોટરસાઈકલના ચાલકનું મોત નીપજ્યાંનું જાણવા મળે છે.

ગત તા.૧૯મી જુનના રોજ લીમખેડા તાલુકાના જેતપુર(દુ) ગામે નવા ફળિયામાં રહેતાં ૩૭ વર્ષીય સતીષભાઈ ઉર્ફે રતીલાલ હરજીભાઈ ભરવાડ પોતાના કબજાની મોટરસાઈલ લઈ પાલ્લી ગામેથી પસાર થઈ રહ્યાં હતા. તે સમયે સામેથી એક મોટરસાઈકલના ચાલકે પોતાના કબજાની મોટરસાઈકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવતો હતો અને આગળ જતા એક વાહનને ઓવરટેક મારવા જતાં સામેથી મોટરસાઈકલ લઈ આવી રહેલા સતીષભાઈ ઉર્ફે રતીલાલ ભરવાડની મોટરસાઈકલને જોશભેર ટક્કર મારતાં સતીષભાઈ મોટરસાઈકલ પરથી ફંગોળાઈ જમીન પર પટકાયા હતાં જેને પગલે તેઓને માથાના ભાગે, હાથે પગે તેમજ શરીરે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેઓનું મોત નીપજ્યું હતું.


આ સંબંધે પંકજભાઈ અમરાભાઈ ભરવાડે લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદના રળીયાતી રોડ ઉપર બાઈક અને રીક્ષા વચ્ચે સર્જાયેલા અકસ્માત સર્જાતા બાઈક ચાલક ઈજાગ્રસ્ત

દાહોદ,

દાહોદના રળીયાતી રોડ ઉપર આજરોજ તારીખ ૧૮ મી જૂનના રોજ સાંજના સમયે બાઈક ચાલક અને રીક્ષા ચાલક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં અકસ્માત સર્જી રીક્ષા ચાલક ત્યાંથી ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો હતો અને બાઈક ચાલકને શરીરના ભાગે તેમજ હાથે પગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. ત્યારે આસપાસના લોકો ત્યાં ભેગા થયા હતા અને આસપાસના લોકોએ ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરતાં એમ્બ્યુલન્સ ઘટના સ્થળે દોડી આવી હતી અને ઈજાગ્રસ્ત બાઈક ચાલકને દાહોદના ઝાયડસ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યો હતો. જયાં તેને શરીરના ભાગે તેમજ હાથે પગે ગંભીર ઈજાઓ પહોંચી હોય તેની સારવાર ચાલી રહી હતી અને આ ઘટનાની જાણ પોલીસને તથા પોલીસ પણ ઘટના સ્થળે તેમજ ઝાયડસ હોસ્પિટલ ખાતે પહોંચી હતી અને અકસ્માત અંગેની માહિતી મેળવવાની કાર્યવાહી પોલીસ દ્વારા હાથ ધરવામાં આવી હતી.

# રાજસ્થાનમાં બિપરજોયે કહેર મચાવ્યો : અજમેરમાં વરસાદે ૧૦૦ વર્ષનો રેકોર્ડ તોડ્યો, ૫ જિલ્લામાં પૂર આવ્યું



જયપુર,

રાજસ્થાનમાં પ્રથમ વખત ચોમાસા પહેલાં પૂરની સ્થિતિ સર્જાઈ છે. ચાર દિવસમાં ચક્રવાત બિપરજોયથી ઘણા વિસ્તારોમાં એટલો વરસાદ વરસાર્યો કે ચોમાસાની સિઝનનો ક્વોટા પૂરો થઈ ગયો. બાડમેર, પાલી, રાજસમંદ, ભીલવાડા, અજમેરના ઘણા વિસ્તારોમાં પૂર જેવી સ્થિતિ છે. છેલ્લા ૨૪ કલાકમાં પાલીના મુથાણામાં ૫૩૦ મિમી એટલે કે ૨૧.૩ ઈંચ વરસાદ નોંધાયો છે.પાલીમાં પણ ૧૨ ઈંચ વરસાદ નોંધાયો હતો. બુંદી, અજમેર, ભીલવાડાનાં સેંકડો ગામોમાં વીજળી ડૂલ છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૮ લોકોનાં મોત થયાં છે. અજમેર અને જોધપુરમાં વરસાદનો ૧૦૦ વર્ષનો રેકોર્ડ તૂટી ગયો છે. હવામાન વિભાગે મંગળવારે કોટા, બારન-સવાઈ મધેપુરમાં ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે.

ચક્રવાતે અજમેરમાં વરસાદનો ૧૦૫ વર્ષ જૂનો રેકોર્ડ તોડી નાખ્યો છે. અહીં ૧૭ જૂન, ૧૯૧૭ના રોજ એક જ દિવસમાં ૧૧૯.૪ મિમી વરસાદ પડ્યો હતો, જે જૂનમાં અત્યાર સુધીમાં સૌથી વધુ વરસાદનો રેકોર્ડ હતો, જે ગઈકાલે તૂટી ગયો હતો. અજમેરમાં ગઈકાલે ૨૪ કલાક દરમિયાન (૧૮ જૂન સવારે ૮:૩૦ થી ૧૯ જૂન સવારે ૮:૩૦ વાગ્યા સુધી) ૧૩૧.૮ મિમી વરસાદ નોંધાયો હતો.અજમેરમાં વરસાદ અહીં અટક્યો ન હતો, ગઈકાલે પણ સવારે ૮:૩૦થી સાંજે ૬ વાગ્યા સુધીમાં ૧૦૦ મિમી વરસાદ નોંધાયો છે. તેવી જ રીતે જોધપુરમાં પણ ૧૨ વર્ષનો રેકોર્ડ તૂટી ગયો છે. ૧૭ જૂને અહીં ૯૧.૩ મિમી પાણી પડ્યું હતું જ્યારે અગાઉ ૨૮ જૂન ૨૦૧૬ના રોજ અહીં ૭૪ મિમી જેટલો વરસાદ પડ્યો હતો.

ચક્રવાતને કારણે રાજ્યમાં છેલ્લા ૪ દિવસ (૧૬ થી ૧૯ જૂન) દરમિયાન સરેરાશ ૧૦૦ મિમી વરસાદ નોંધાયો છે, જે ચોમાસાની સિઝનના સરેરાશ વરસાદના લગભગ ૨૪% છે. રાજસ્થાનમાં ચોમાસાની ઋતુ (જૂનથી સપ્ટેમ્બર) દરમિયાન સરેરાશ ૪૧૫ મિમી વરસાદ પડે છે. જૂનના પ્રારંભમાં સરેરાશ ૫૦ મિમી વરસાદ પડે છે.ધોલપુરમાં ભારે વરસાદને કારણે મકાન ધરાશાયી થયું. આખો પરિવાર તેમાં દટાઈ ગયો. એકનું મોત, ૩ લોકો ગંભીર રીતે ઘાયલ છે.ભારે વરસાદને કારણે પાલી જિલ્લાના ખામલી ઘાટ-મારવાડ રેલવે સેક્શન વચ્ચે ટ્રેક પર મોટા પથ્થરો પડી ગયા હતા. જેના કારણે રેલ વ્યવહાર પ્રભાવિત થયો હતો.અજમેરના ઝુલા મોહલ્લામાં એક જર્જરિત ઈમારતનો આગળનો ભાગ ધરાશાયી થઈ ગયો.અજમેર દરગાહ બજારમાં મોડી રાત્રે સ્થિતિ વધુ વણસી હતી. લોકોને દુકાનોના માલસામાન અને વાહનો બચાવવા ભારે જહેમત ઉઠાવવી પડી હતીસિરોહીના આબુ રોડ પર ગુજરાત રોડવેઝની બસ પાણી ભરેલા અંડરપાસમાં ફસાઈ ગઈ હતી. પાલીના સાંડેરાવમાં વરસાદના પાણીમાં ડૂબી જવાથી ૧૨૫ ઘેટા-બકરાનાં મોત થયાં છે.

અત્યાર સુધી અરબી સમુદ્રમાંથી આવેલા વાવાઝોડાઓમાં બિપરજોય સૌથી વધુ અસરકારક માનવામાં આવે છે. તે સતત ૧૩ દિવસ સુધી સક્રિય રહ્યું. સૌથી વધુ વરસાદ પડ્યો. હવામાન કેન્દ્ર, નવી દિલ્હીના અહેવાલ મુજબ, વર્ષ ૨૦૧૧થી ૨૦૨૩ સુધીમાં, અરબી સમુદ્રમાં ૨૦થી વધુ ચક્રવાત આવ્યા છે. આમાં સૌથી અસરગ્રસ્ત અને સૌથી લાંબું સક્રિય ચક્રવાત બિપરજોય છે.

૬ જૂનના રોજ આ ચક્રવાત અરબી સમુદ્રમાં ડિપ્રેશન તરીકે શરૂ થયું હતું, જે પાછળથી ડીપ ડિપ્રેશન, ચક્રવાત તોફાન, ખૂબ ગંભીર ચક્રવાત તોફાન, અત્યંત ગંભીર ચક્રવાત તોફાનમાં પરિવર્તિત થયું હતું. અગાઉ, ઓક્ટોબર ૨૦૧૮માં ચક્રવાત "લુબાન" ૧૦ દિવસ એક્ટિવ હતું અને ઓક્ટોબર-નવેમ્બર ૨૦૧૯માં ચક્રવાત "ક્યાર" ૧૦ દિવસ એક્ટિવ હતું.

# દાહોદ આઈ.ટી.આઈ. પાસે ટ્રકની અડફેટે યુવકનું મોત

દાહોદ,

દાહોદ તાલુકાના છાપરી ગામના સ્કુલ ફળિયામાં રહેતો ૨૯ વર્ષિય યુવક સંજયભાઈ કાળુભાઈ કિશોરી પોતાની જીજે-૨૦-એએસ-૦૧૫૭ નંબરની એકસેસ મોપેડ લઈને આઈ.ટી.આઈ.નજીક પાસે રોડ પરથી પસાર થઈ રહ્યો હતો. તે દરમિયાન જીજે-૧૮-ઝેડ-૫૪૧૧ નંબરની એસ.ટી.બસના ચાલકે પોતાના તાબાની બસ પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી સંજયની મોપેડ સાથે અકસ્માત કરી બસ લઈ નાસી ગયો હતો. જેમાં સંજયને ગંભીર ઈજાઓ થતાં તેનુ મોત નીપજ્યું હતુ. આ સંદર્ભે મૃતકના કાકાનો છોકરો જશવંતભાઈ વારલસીંગભાઈ કિશોરીએ એસ.ટી. બસ ચાલક સામે દાહોદ બી-ડીવીઝન પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## આપની આજ.......

મેષ (અ.લ.ઈ.) : આ રાશિના જાતકોએ આજનો દિવસ વેપારમાં સારો લાભ જણાશે. સંતાન વિષયક ચિંતા દૂર થશે. વિવાદોવાળા કામમાં લાભ જણાશે. મૂડી રોકાણમાં ફાયદો જણાશે.

વૃષભ (બ.વ.ઉ.) : આ રાશિના જાતકો માટે આજનો દિવસ કૌટુંબિક મતભેદ રહેવા સંભાવના. ભાગીદારીવાળા કામમાં લાભ જણાશે. પ્રભાવથી શત્રુ પરાસ્ત થશે. સંતાન પક્ષે ચિંતા દૂર થશે.

મિથુન (ક.છ.ઘ.) : આ રાશિના જાતકો માટે આજનો દિવસ નવા પરિચયથી લાભ થાય. વાહન ચલાવવામાં કાળજી રાખો. માતૃપક્ષે આર્થિક મદદ મળશે. સંતાનથી સારા સમાચાર મળશે.

કર્ક (ડ.હ.) : આ રાશિના જાતકો માટે આજનો દિવસ યાત્રા-પ્રવાસના યોગો જણાય. વિવાદિત કાર્યોમાં વિજય થાય. નવા કામકાજમાં લેણું જણાય. ધર્મ શ્રદ્ધામાં વૃદ્ધિ થાય.

સિંહ (મ.ટ.) : આ રાશિના જાતકો માટે આજનો દિવસ સામાજિક કાર્યોમાં લોકપ્રિયતા જળવાય. માનસિક શાંતિ અનુભવાય. મહેમાન સ્નેહીજનોની મુલાકાત થાય. વ્યાપાર બાબતે મધ્યમ જણાય.

કન્યા (પ.ઠ.ણ.) : આ રાશિના જાતકો માટે આજનો દિવસ મનગમતા કાર્યોમાં રુચિ વધે. શત્રુઓ દ્વારા લાભ મળે. આર્થિક સમસ્યાઓ હળવી બને. વિવાદિત કાર્યોમાં વિજય મળે.

તુલા (ર.ત.) : આ રાશિના જાતકો માટે આજનો દિવસ ધંધામાં મહત્વના કાર્યો થાય. જીવનસાથી સાથે મતભેદ જણાશે. યાત્રા-પ્રવાસમાં વિઘ્નોની સંભાવના. મહત્વાકાંક્ષા પૂર્તિનો અવસર મળે.

વૃશ્ચિક (ન.ય.) આ રાશિના જાતકો માટે આજનો દિવસ મૂડી રોકાણમાં લાભની સંભાવના છે. આત્મવિશ્વાસમાં વૃદ્ધિ થાય. કૌટુંબિક કાર્યોના વિશેષ યોગ બને. યાત્રામાં તનાવની સંભાવના છે.

ધન (ભ.ધ.ફ.ઢ.) : આ રાશિના જાતકો માટે આજનો દિવસ વાહન વ્યવહારથી સંભાળવું. નાના-મોટા રોકાણમાં સાવધાની રાખવી. કામકાજમાં સામાન્ય વિઘ્નોની સંભાવના. માતાના આશીર્વાદથી કામ સરળ બને.

મકર (ખ.જ.) : આ રાશિના જાતકો માટે આજનો દિવસ સારા કાર્યોમાં સમય પસાર થાય. સામાજિક કાર્યોમાં પ્રવાસની સંભાવના. રોગ-ઋણ-વિવાદથી બચવું. સંતાનોના કાર્યમાં સફળતા મળે.

કુંભ (ગ.શ.ષ.સ.) : આ રાશિના જાતકો માટે આજનો દિવસ ખાનપાનમાં સાવધાની રાખવી. વેપારમાં ભાગીદારીથી લાભ થાય. કર્મક્ષેત્રમાં પરિવર્તનના યોગ બને. સારા કામમાં યાત્રાના યોગ જણાય.

મીન (દ.ચ.ઝ.થ.) : આ રાશિના જાતકો માટે આજનો દિવસ જીવનસાથી સાથે તણાવ જણાય. વિવાદના કાર્યોમાં વિશેષ લાભ થાય. ગુસ્સા ઉપર સંયમ રાખવો. સગા સંબંધીઓથી લાભ થાય.

# દાહોદ આવૃત્તિ

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર


# દાહોદમાં ભગવાન શ્રી જગન્નાથજી ભાઈ બલભદ્ર તેમજ બહેન સુભદ્રા સાથે દાહોદની ૧૬ ની નગર ચર્યાએ નીકળ્યાં હતાં

દાહોદ,

દાહોદ શહેરના હનુમાન બજાર ખાતે આવેલા રણછોડરાય મંદિર ખાતેથી વહેલી સવારે દાહોદના સાંસદ જસવંતસિંહ ભાભોર, રાજ્યકક્ષાના મંત્રી બચુભાઈ ખાબડ દાહોદના ધારાસભ્ય કનૈયાલાલ કિશોરી, કલેક્ટર ડૉ. હર્ષિત ગોસાવી, જીલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમ, પોલીસ અધિક્ષક બલરામ મીણા, એએસપી જગદીશ બાંગરવા નગર પાલિકા પ્રમુખ રીના પંચાલ તેમજ અન્ય મહાનુભાવોની ઉપસ્તિથીમાં ભગવાનની આરતી ઉતારી પહિન્દ વિધિ કર્યા બાદ દોરડો ખેંચી આ રથયાત્રાની શરૂઆત કરવામાં આવી હતી.

ત્યાર બાદ આ રથયાત્રા રણછોડરાય મંદિરથી નીકળી એપીએમસી ગેટ, બહારપુરા, પડાવ, નેતાજી બજાર, દોલતગંજ બજાર, સોનીવાડ ખાતેના રાધા ક્રિષ્ણા મંદિરે મોસાળમાં ૧ કલાકના વિશ્રામ અને ત્યાં યાત્રા મા પધારેલ તમામ ભક્તો માટે વિશાળ ભન્ડારો કર્યો હતો. જેમાં તમામ ભક્તો એ પ્રસાદ લીધો હતો બાદ ભગવાન જગન્નાથ ભાઈ બલરામ અને બહેન સુભદ્રા ફરીથી નગર ચર્યાએ નીકળ્યાં હતા. જેમાં મંડાવ ચોકડી, ગોવિંદનગર, માણેક ચોક, ભગિની સમાજ, તળાવ ચોક, એમજીરોડ થઈ ગાંધીચોક થઈ હનુમાન બજાર ખાતે આવેલા નિજ મંદિરે પરત ફરી હતી. આ સમગ્ર રથયાત્રાના રૂટ પર





તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

સેવાભાવી ભક્તો દ્વારા ખાણી પીણીના સ્ટોલ પણ લગાવવામાં આવ્યાં હતા. જેમાં ઠેર ઠેર સ્વાગત પણ કરવામાં આવ્યું હતું તેમાંય મુસ્લિમ અને વ્હોરા સમાજ દ્વારા પણ ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું, તો બીજી તરફ પ્લાસ્ટિકથી પર્યાવરણને નુકશાન પહોંચતું હોવાથી આ વખતે રથયાત્રા દરમિયાન પ્લાસ્ટિકની જગ્યાએ કાગળ બનાવટની પ્લેટો ગ્લાસોમાં ખાણી પીણીની વસ્તુ પીરસવા માટે ભાર મુકવામાં આવ્યો હતો. રથયાત્રામાં મહિલાઓના રાશ ગરબાએ વિશેષ આકર્ષણનું કેન્દ્ર જમાવ્યું હતું. તો બીજી તરફ અખાડા, કરાટે, અનેક વેશભુષા સહિત ઢોલ નગારાના તાલે ભગવા જગન્નાથજીની ભવ્ય રથયાત્રા દાહોદ શહેરમાં નીકળી હતી. રથયાત્રામાં મોટી સંખ્યામાં શહેરવાસીઓ જોડાયા હતાં. રથયાત્રા શાંતિ પૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટે પોલીસે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ફાળવાયો હતો.

દાહોદમાં આમ તો તમામ ધાર્મિક તહેવારો કોમી એકતા તેમજ શાંતિપૂર્ણ માહોલમાં ઉજવાય છે. તેમાંય ખાસ કરીને રથયાત્રામાં તો મુસ્લિમ અને વહોરા સમાજ દ્વારા સ્વાગત પણ કરવામાં આવે છે. જે કોમી એકતાની અનોખી મિશાલ પણ છે. જોકે, રથયાત્રા દરમિયાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે તેમજ રથયાત્રા શાંતિ પૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટે દાહોદ પોલીસ દ્વારા ૫૨૩ જેટલા પોલીસ કર્મીઓની ફોજ આ રથયાત્રાના બંદોબસ્તમાં ફાળવી દેવામાં આવી હતી. જેમાં ફિક્સ પોઈન્ટ ટ્રાફિક પોઈન્ટ શોભાયાત્રા સાથે પૂસીન્ગ સ્કવોડ ધાબા પોઈન્ટ ડીપ પોઈન્ટ મોર્ચા સ્કવોડ મોબાઈલ પેટ્રોલિંગ પોલીસ સ્ટેશન ખાતે રિઝર્વ પોલીસ કર્મીઓ સહીત જુદી જુદી સ્કવોડની રચના કરવામાં આવી હતી જેમાં ૧ એએસપી, ૨ પીઆઈ, ૧૫ પીએસઆઈ, ૧૮૬ પોલીસ કર્મીઓ, ૧૯ એસઆરપીના જવાનો, ૫૫ તાલીમાર્થી એલઆરડીના જવાનો, ૧૪૪ હોમગાર્ડ તેમજ ૧૦૧ જેટલા ટીઆરબી જવાનો મળી કુલ ૫૨૩ જેટલા પોલીસ કર્મીઓના શિરે રથયાત્રા સંપન્ન કરાવવાની જવાબદારી સોંપવામાં આવી હતી.

# દેવગઢ બારીયામાં બુટલેગરો તેમજ પોલીસ વચ્ચે હિંસક અથડામણ મામલો

દાહોદ,

દેવગઢ બારીયા તાલુકાના કાળીયાકુવા ગામે ગતરોજ મધ્યપ્રદેશના માથાભારે બુટલેગરો તેમજ સાગટાળા પોલીસ વચ્ચે હિંસક અથડામણ થઈ હતી. જેમાં બુટલેગરોના ટોળા દ્વારા પોલીસની સરકારી ગાડીઓને આગના હવાલે કરી દીધી હતી. તો બીજી તરફ સ્વરક્ષણમાં જીવ બચાવવા માટે પોલીસે પણ ત્રણ રાઉન્ડ ફાયર કર્યા હતા. આ સમગ્ર પ્રકરણ બાદ દાહોદ જીલ્લા પોલીસ અધિક્ષક બલરામ મીણા દ્વારા ગુનાની ગંભીરતાને ધ્યાને લઈ નવ નીયુક્ત અલીરાજપુર એસ.પી. હંસરાજ સિંહ જોડે ટેલિફોનિક વાત કરી આ માથાભારે ઈસમોને ઝડપી પાડવા અલીરાજપુર પોલીસ તેમજ ગુજરાત પોલીસ સાથે સંકલનમાં રહી કામગીરી કરે તે માટે ચર્ચા કરી હતી અને ત્યારબાદ દાહોદ પોલીસ અધિક્ષક બલરામ મીણાના નિર્દેશનમાં પોલીસની પાંચ અલગ અલગ ટીમો બનાવવામાં આવી હતી અને મધ્યપ્રદેશના આ માથાભારે બુટલેગરોના રહેઠાણ ઉપર દરોડા પાડવામાં આવ્યા હતા. જેમાં દોઢ ડઝન થી વધારે માથાભારે બુટલેગરોની શોધખોળમાં પોલીસને ત્રણ શકમંદો મળી આવતા પોલીસે ત્રણેયની અટકાયત કરી પૂછપરછ માટે સાતાળા પોલીસ મથકે લાવવામાં આવ્યા હતા. તો બીજી તરફ પોલીસે દરોડા દરમિયાન છ મોટરસાયકલ તેમજ એક મોબાઈલ ફોન પણ કબજે કર્યા હોવાનું પોલીસ સૂત્રો દ્વારા જાણવા મળેલ છે. અત્રે ઉલ્લેખની છે કે આમ તો ગાંધી અને મોદીના ગુજરાતમાં સંવિધાન લખાવ્યું ત્યારથી દારૂબંધી અમલમાં છે, પરંતુ આરોપ એ લાગે છે કે દારૂબંધીની અમલવારી જમીન પર ઓછી અને કાગળ પૂરતી વધારે સીમિત છે. જોકે આ તમામ આરોપ પ્રત્યાઆરોપની વચ્ચે બુટલેગરો અને પોલીસ વચ્ચે ઘણી વખત લુકા છૂપીના ખેલ રમાય છે. અને આ લુકા છૂપીના ખેલ દરમ્યાન કેટલીક વખત પોલીસ અને બુટલેગરો વચ્ચે ઘર્ષણ પણ ઊભું થાય છે. ત્યારે આવો જ ઘર્ષણ પરમ દિવસે બનવા પામ્યો હતો. જેમાં મધ્યપ્રદેશના માથાભારે બુટલેગરોના ટોળાએ સ્પેશિયલ દારૂ જુગારની ડ્રાઈવમાં કાલીયા કુવા ગામે ઊભેલી સાતાળા પોલીસ જોડે સામનો થતા શરૂઆતમાં ઘર્ષણ બાદ બુટલેગરો અને પોલીસ વચ્ચે હિંસક અથડામણ થઈ હતી અને પરિણામ સ્વરૂપ મોટર સાયકલો ઉપર ધાર્યા તલવાર પાળિયા, લાકડીઓ જેવા મારક હથિયારો થી સજ્જ બુટલેગરોના ટોળાએ પોલીસ ઉપર હુમલો કરી સરકારી ગાડીઓને આગના હવાલે કરી દીધી હતી. ત્યારે તે સમયે સ્થળ પર સાગટાળા પોલીસે પોતાનું જીવ બચાવવા સ્વરક્ષણમાં ત્રણ રાઉન્ડ ફાયર કર્યા હતા. જે બાત બુટલેગરોના ટોળા સ્થળ પરથી નાસી ગયા હતા. જોકે, મધ્યપ્રદેશના બુટલેગરો દ્વારા ગુજરાતમાં દારૂ ઘુસાડવાની કવાયત વચ્ચે પોલીસ અને બુટલેગરો વચ્ચે ઘર્ષણ ઊભા થાય છે. ત્યારે ભૂતકાળમાં પણ છોટાઉદેપુરના કુખ્યાત બુટલેગર ભીખા રાખવા એ પણ ટોળા દ્વારા એસ.એમ.સી એટલે કે સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમ પર હુમલો કરી ફાયરિંગ કર્યુ હતું. જે બાદ ભીખા રાઠવા ફરાર થઈ આ ઘટનાની પડઘા ગૃહ ખાતા સુધી પડ્યા હતા અને એસએમસી તેમજ સ્થાનિક પોલીસ તથા ક્રાઈમ બ્રાન્ચ કુખ્યાત ભીખા રાઠવાને ઝડપી પાડવા માટે આકાશ પાતાળ એક કરી રહી હતી અને થોડાક દિવસોમાં ક્રાઈમ બ્રાન્ચે કુખ્યાત ભિખા રાઠવાને અમદાવાદના કણભા ખાતેથી ઝડપી લીધો હતો. જોકે આ ઘર્ષણના બનાવોમાં દબી જુબાનમાં લોકોમાં કહેવાય રહ્યું છે કે, મધ્યપ્રદેશના બુટલેગરો પોલીસને ખુશ કર્યા વગર વિદેશી દારૂ ગુજરાતમાં ઘુસાડે છે તે સમયે આવા ઘર્ષણના બનાવો ઊભા થાય છે, તેવા પણ ચર્ચાઓ તેમજ આક્ષેપો થઈ રહ્યા છે. જોકે સમગ્ર મામલામાં હાલ તો દાહોદ પોલીસ દ્વારા મધ્યપ્રદેશના કઠીવાડા તેમજ અલીરાજપુરના આસપાસના વિસ્તારોમાં જે જગ્યાએ આ માથાભારે બુટલેગરોના રહેણાંક મકાનો અથવા ઠેકાણાઓ આવેલા છે, તે તમામ સ્થાનો પર મધ્યપ્રદેશ પોલીસની મદદથી તેમજ સંકલનમાં રહી દરોડો પાડવામાં આવી રહ્યા છે. અત્યારે આગામી કેટલા સમયમાં આ માથાભારે બુટલેગરો પોલીસના સાણસામાં આવે છે તે જોવું રહ્યું.

# ઝાલોદ નગર જય જગન્નાથ...જય રણછોડ... જય દ્વારકાધીશ.. ના ગગનભેદી જય જયકાર સાથે ગુંજી ઉઠ્યું

ઝાલોદ,

ઝાલોદ નગરના ભગવાન રણછોડરાય મંદિરે સંપૂર્ણ ધાર્મિક વિધિ પ્રમાણે ભગવાન જગન્નાથ, બહેન શુભદ્રા, ભાઈ બલરામની પૂજા અર્ચના કરવામાં આવી હતી. ભગવાન જગન્નાથની પૂજા અર્ચનાનો લાભ નગરના સહુ ભાવિક ભક્તોએ લીધો હતો. ભગવાન જગન્નાથના રથ પ્રસ્થાનનો લ્હાવો સંદિપ રમેશચંદ્ર પંચાલ અને તેમના પરિવારજનો એ લીધો હતો.



તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

રણછોડરાય મંદિરે થી ભગવાન જગન્નાથનો રથ બેંડબાજા તેમજ નાશિક ઢોલના તાલે ધામધૂમ પૂર્વક નીકળ્યો હતો. રથયાત્રાની શોભાયાત્રા દરમ્યાન મોટા પ્રમાણમાં માનવ મહેરામણ સ્વયંભૂ ભગવાન જગન્નાથનું સ્વાગત કરવા ઉમટી પડ્યું હતું. નાશિક ઢોલના તાલે હાથમાં દ્વજાના ભગવાન જગન્નાથના નાદ સાથે નગરનું આખું વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. ઢોલ નગારાના તાલે ભાવિક ભક્તો ઝૂમતા જોવા મળ્યા હતા.

નગરમાં ચારેકોર દરેક વિસ્તારમાં ભાવિક ભક્તો દ્વારા સ્વયંભૂ રથયાત્રા દરમ્યાન રથયાત્રિકોની સેવા અર્થે પાણી અને ઠંડા પીણાંના સ્ટોલ લગાવવામાં આવેલ હતા. ચારેકોર રથયાત્રામાં ભાવિક ભક્તોના મુખે થી જય જગન્નાથ..જય રણછોડના ગગનભેદી નારા સાથે વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું.

રથયાત્રાના રસ્તાઓ પર ઉજ્જૈન થી આવેલ રાધાકૃષ્ણની ઝાંખી એ અનેરૂં કુતૂહલ જમાવ્યું હતું. રસ્તાના ચારે બાજુના રસ્તાઓમાં ઝાંખી દ્વારા રાધાકૃષ્ણના ગરબા તેમજ રાધાકૃષ્ણના રાશ અને નૃત્ય દ્વારા સહુ કોઈનું આકર્ષણ ખેંચ્યું હતું. નગરમાં સહુ કોઈએ ઝાંખીના નવીન નજારો જોઈ ભક્તિમય વાતાવરણમાં રંગાઈ ગયા હતા. ઝાલોદ ગીતા મંદિર ખાતે રામ ભક્ત મિત્ર મંડળ દ્વારા ભગવાન જગન્નાથનું મામેરૂં ભરવામાં આવ્યું હતું. તેમજ રથયાત્રામાં જોડાયેલ દરેક ભક્તો માટે મહાપ્રસાદની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. નગરમાં નીકળેલ રથયાત્રા દરમ્યાન ભાવિક ભક્તો દ્વારા રાશ ગરબાની રમઝટ પણ બોલાવવામાં આવી હતી.

ઝાલોદ નગરમાં રથયાત્રા રણછોડરાય મંદિરે થી મુવાડા, બસ સ્ટેશન, આંબેડકર ચોક, ડબગરવાસ, ગીતા મંદિર કોળીવાડા, મીઠાચોક, તળાવ ફળિયા, સોમનાથ મંદિર થઈ લુહારવાડા, શહિદ રાજેશ ચોક, ભરત ટાવર થઈ વિશ્વકર્મા મંદિર પર રથયાત્રા પુરી થઈ હતી. છેલ્લે ભગવાન જગન્નાથની મહાઆરતી કરી મહાપ્રસાદનું ભવ્ય આયોજન સનાતન હિન્દુ ધર્મ સમિતિ દ્વારા કરવામાં આવેલ હતું.આખા રથયાત્રા દરમ્યાન પોલિસ તંત્ર દ્વારા પણ ખૂબ જ સુંદર અને સરાહનીય કામગીરી કરવામાં આવી હતી.

# દાહોદ રિધમ રેસીડન્સી સોસાયટીના મકાન માંથી તસ્કરોએ દાગીના અને લેપટોપ મળી ચોરી કરી

દાહોદ,

દાહોદ શહેરની રિધમ રેસીડેન્સી સોસાયટીમાં મધ્યરાત્રીએ તસ્કરોએ હાથફેરી કરી સોના–ચાંદીના દાગીના તેમજ લેપટોપ મળી લાખ્ખોની ચોરી કરી તસ્કરો નાસી જતાં પંથકમાં ચકચાર મચી જવા પામી છે. ત્યારે જાણવા મળ્યાં અનુસાર, મકાન માલિક પોતે ઘરમાં હાજર હતા અને ઘોર નિંદ્રામાં હોવાને કારણે ચોરી થઈ હોવાનું તેમને માલુમ પડ્યુંજ ન હતું. દાહોદ શહેરના જુના ઈન્દૌર રોડ હાઈવે પર આવેલ રિધમ રેસીડેન્સી સોસાયટીમાં ગતરોજ મધ્યરાત્રીના સમયે તસ્કરોએ એક મકાનને નિશાન બનાવ્યું હતું. તસ્કરોએ મકાનને ફરતે આવેલ તારની વાડ કાપી ઘરની પાછળના ભાગમાં આવેલ બારીમાં લગાવેલ લોખંડના સળીયા કાપી મકાનના બેડ રૂમમાં પ્રવેશ કર્યો હતો. બેડરૂમમાં પ્રવેશ કરી તસ્કરોએ તિજોરી તોડી અંદરથી સોના–ચાંદીના દાગીના તેમજ લેપટોપ મળી લાખ્ખોની ચોરી કરી હતી. જાણવા મળ્યાં અનુસાર, મકાન માલિક આગળના રૂમમાં સુતા હતાં. સળીયા તુટવાનો અવાજ આવ્યો ન હોવાને કારણે અને પોતે ઘસઘસાટ ઉંઘમાં હોવાને કારણે પોતાનાજ ઘરમાં ચોરી થઈ હોવાનું તેમને માલુમ પણ પડ્યું ન હતું. વહેલી સવારે જ્યારે તેઓની આંખ ખુલી અને બેડરૂમમાં પ્રવેશ કર્યો ત્યારે તિજોરી તુટેલી હાલતમાં અને અંદરથી સોના,ચાંદીના દાગીના તેમજ લેપટોપ જોવા ન મળતાં અને તિજોરીનો સરસામાન વેરવિખેર હોવાનું જોવાતાં તેઓએ ઘરની પાછળ આવેલ બારીના સળીયા કપાયેલી હાલતમાં અને ઘરની ફરતે લગાવેલ તારની વાડ કપાયેલ હાલતમાં જોતા પોતાના ઘરમાં ચોરી થઈ હોવાનું જણાઈ આવ્યું હતું અને આ સંબંધે દાહોદ શહેર પોલીસ મથકે જાણ કરતાં પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. પોલીસે ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી તસ્કરોને ઝડપી પાડવા ચક્રોગતિમાન કર્યા છે.

# લીમખેડાના વડીયા ગામે પરણિતા ઉપર સાસરીયા અને પતિએ ચારિત્ર્ય ઉપર શંકા કરી મારઝુડ કરતાં ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો

દાહોદ,

પતિ તેમજ સાસુ–સસરા તથા નણંદ દ્વારા ચારીત્ર્ય પર શંકા કરી તેમજ ઘરકામના મામલે મારઝુડ કરી મરવા માટે મજબુર કરવામાં આવતા લીમખેડાના વડીયા ગામની ૨૦ વર્ષીય પરણીતાએ પોતાની સાસરીમાં ઘરમાં જોતરીના લાકડા સાથે ઓઢણી વડે ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કર્યાનું જાણવા મળ્યું છે.

લીમખેડા તાલુકાના ડુંગરા ગામના નિશાળ ફળિયામાં રહેતા અરવીંદભાઈ ધુળીયાભાઈ ડામોરની દીકરી ૨૦ વર્ષીય રચલીબેનના લગ્ન લીમખેડા તાલુકાના જુના વડીયા ગામે રહેતા રાજેશભાઈ ખુરબાનભાઈ હઠીલા સાથે સમાજના રીતરિવાજ મુજબ થયા હતા. છેલ્લા બે માસથી રચલીબેનને તેના પતિ રાજેશભાઈ, સસરા ખુરબાનભાઈ વરસીંગભાઈ હઠીલા, સાસુ મથુરીબેન ખુરબાનભાઈ હઠીલા તથા ઝાલોદના પીપળીયા ગામે પરણાવેલ નણંદ રેખાબેન સુરેશભાઈ તાવીયાડ વગેરેએ રચલીબેનને તું બીજા છોકરા જોડે આડો સંબંધ રાખે છે. તેવો વ્હેમ રાખીને તેમજ ઘરનું કામ બરાબર નથી કરતી તેમ કહી મારઝુડ કરી મારે તો વધારે ભણેલી છોકરી લાવવાની હતી, પરંતુ મારી સાથે મારા ખોટા લગ્ન થઈ ગયા છે. તેમ કહી શારીરીક અને માનસીક ત્રાસ આપી ગળે ફાંસો ખાવા મજબુર કરતા રચલીબેને તા. ૧૮–૬–૨૦૨૩ના રોજ સવારે આઠ વાગ્યાના સુમારે તેના ઘરમાં જોતરીના લાકડા સાથે ઓઢણી વડે ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી.

આ સંબંધે મરણજનાર રચલીબેનના પતિ રાજેશભાઈ હઠીલાએ લીમખેડા પોલીસને જાણ કરતાં પોલીસે પ્રાથમિક તૂબક્કે સી.આર.પી.સી. ૧૭૪ મુજબ અકસ્માત મોતના ગુનાના કાગળો કરી આગળ કાર્યવાહી હાથધરી હતી. તે દરમ્યાન મરણ જનાર રચલીબેનના પિતા અરવીંદભાઈ ધુળીયાભાઈ ડામોરે ઉપરોક્ત કેફીયત ભરી ફરિયાદ નોંધાવતા પોલીસે આ મામલે ઈપિકો કલમ ૩૦૬, ૪૯૮(ક), ૧૧૪ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ફતેપુરા નગરમાં ભગવાન શ્રી જગન્નાથજીની ધામધૂમ પૂર્વક નીકળેલ શોભાયાત્રા



તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

ફતેપુરા,

ફતેપુરા તાલુકાના મુખ્ય મથક ફતેપુરા નગર ખાતે આજરોજ ભગવાનશ્રી જગન્નાથજીની શોભાયાત્રા ગામમાં ધામધૂમ પૂર્વક કાઢવામાં આવેલ હતી. જેમાં ફતેપુરા નગરના મોટી સંખ્યામાં ભક્તજનો જોડાયા હતા. ફતેપુરા નગરમાં ભગવાનશ્રી જગન્નાથજીની શોભાયાત્રા પ્રથમ વાર નીકળેલ હોય ફતેપુરા નગરમાં નગરજનોમાં ખૂબ જ ઉત્સાહ જોવા મળ્યો હતો.નગરજનો, ભક્તજનો ખૂબજ મોટી સંખ્યામાં શોભાયાત્રામાં જોડાયા હતા. શોભાયાત્રામાં દાહોદ જિલ્લા ભાજપ પ્રમુખ શંકરભાઈ અમલીયાર, જલ્પાબેન અમલીયાર, દાહોદ જિલ્લા પંચાયતના પૂર્વ કારોબારી અધ્યક્ષ ડોક્ટર અશ્વિનભાઈ પારગી, દાહોદ જિલ્લા યુવા મોરચા ભાજપના પ્રમુખ મોહિતભાઈ ડામોર શોભાયાત્રામાં જોડાયા હતા. ફતેપુરા નગરમાં આવેલ રામજી મંદિરથી ફટાકડા ફોડી ઢોલ– નગારા સાથે ધામધૂમ પૂર્વક નીકળેલ શોભાયાત્રા હોળી ચકલા, ઝાલોદ નાકા, પાછલા પ્લોટ થઈ ઉખરેલી રોડ એસ.ટી. સ્ટેશન પોલીસ,ચોકી થઈ પરત રામજી મંદિરે સમાપ્ત થયેલ હતી. નાયબ મામલતદાર અને એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ ચિરાગભાઈ અમલીયાર તેમજ ફતેપુરા પી.એસ.આઇ. જી.કે.ભરવાડ અને પોલીસ દ્વારા સમગ્ર શોભાયાત્રા દરમિયાન ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો અને શોભાયાત્રા શાંતિપૂર્ણ વાતાવરણમાં સમાપ્ત થઈ હતી.

# ગરબાડામાં શીતળા માતા. બળીયાદેવ મંદિર ના પાટોત્સવની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી



તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,

બળીયાદેવ અને શીતળા માતાની નગરમાં શોભાયાત્રા કાઢવામાં આવી. પ્રાપ્ત માહિતી અનુસાર અષાઢી બીજના રોજ ગરબાડાના શીતળા માતા અને બળીયાદેવ મંદિરના પાટોત્સવની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. સવારે નગરમાં બળિયાદેવ અને શીતળા માતાની વાજતે ગાજતે શોભાયાત્રા નીકાળવામાં આવી હતી. જે શોભાયાત્રા નગરમાં ફર્યા બાદ પરત મંદિરે આવી હતી. ત્યારબાદ આરતી તેમજ ભોજન પ્રસાદીનો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો. જે પાટોત્સવના ઉત્સવમાં મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા હતા. શોભાયાત્રામાં કોઈ અણ બનાવ ન બને તે માટે પોલીસ નો ચુસ્ત બંદોબસ્ત પણ જોવા મળ્યો હતો.

# ગરાડુ પ્રા.શાળા ૧૩૯ વર્ષની સ્થાપના દિવસની ઉજવણી કરાઈ



દાહોદ,

ગરાડુ મુખ્ય પ્રાથમિક શાળાના પાટાંગણમાં શાળાની ૧૩૯ વર્ષના સ્થાપના દિવસની ઉજવણી અને નવીન ઓરડાના બાંધકામનું ખાતમુહૂર્ત ધારાસભ્ય મહેશભાઈ એસ ભુરીયા૧૩૦, ઝાલોદ નૈલેશકુમાર ડી. મુનિયા, ડીપીઓ દાહોદ, ચેતનાબેન પરમાર ટીપીઓ ઝાલોદ, કલ્પેશકુમાર ડી. મુનિયા બીઆરસી ઝાલોદ, જિલ્લા સભ્ય મુકેશભાઈ ડામોર તથા આ પ્રસંગે ગામમાં જ અભ્યાસ કરેલા અને પોતાના ક્ષેત્રમાં આગળ વધેલાં ગ્રામજનો તથા આજ શાળાનાં ભૂતપૂર્વ આચાર્ય તથા શિક્ષક ઓનું મૂખ્ય મહેમાંનો દ્વારા સન્માન કરવામાં આવ્યું. આ હસ્તે ઉજવણી કરવામાં આવી અને મહેશભાઈ એસ. ભુરીયાએ શાળાના નવીન ઓરડાના બાંધકામ માટે ૬૦ લાખના ખાતમુહૂર્ત કર્યું. મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો.

# ફતેપુરા ગ્રામ પંચાયતમાં ઠરાવ બુકમાં ચેડા કરી ગેરકાયદેસર આકારણીઓ કરાઈ હોવાના આક્ષેપો

દાહોદ,

દાહોદ જીલ્લાની ફતેપુરા ગ્રામ પંચાયતમાં સરપંચના અધ્યક્ષ સ્થાને યોજાયેલી સામાન્ય સભામાં ઠરાવો થયા બાદ ઠરાવ બુકમાં ચેડા કરીને ખોટી અને ગેરકાયદેસર આકારણીઓ કરાઇ હોવાની ગ્રામ પંચાયતનાં સભ્યએ જ તાલુકા વિકાસ અધિકારીને રજુઆત કરતાં ફતેપુરા તાલુકામાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

ફતેપુરા ગ્રામ પંચાયતના વોર્ડ નંબર–૭ ના સભ્ય વિશાલ નહારે ફતેપુરા તાલુકા વિકાસ અધિકારીને રજૂઆત કરતા જણાવ્યું છે કે તારીખ ૩૦ જૂન ૨૦૨૦ ના રોજ ફતેપુરા ગ્રામ પંચાયત ખાતે તે વખતના સરપંચના અધ્યક્ષ સ્થાને સામાન્ય સભા યોજાઈ હતી.આ સામાન્ય સભામાં ડેપ્યુટી સરપંચ સહિત તમામ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. આ સામાન્ય સભામાં થયેલા ઠરાવો બાદ ઠરાવ બુકમાં ચેડા કરીને ગેરકાયદેસર અને ખોટી રીતે આકારણીઓ કરવામાં આવી છે.

જેમાં તારીખ ૩૦ જુન ૨૦૨૦ ના રોજ સામાન્ય સભામાં થયેલા ઠરાવોમાં ઠરાવ નંબર ૧ માં ઠરાવ બુકમાં ચેડા કરીને ગેરકાયદેસર રીતે અને ખોટી આકારણીઓ કરવામાં આવી છે. આ રીતની ફતેપુરા ગ્રામ પંચાયતના વોર્ડ નંબર ૭ ના સભ્યએ તમામ પુરાવાઓ સાથે ફતેપુરા તાલુકા વિકાસ અધિકારીને રજૂઆત કરી છે અને તેઓએ વધુમાં જણાવ્યું છે કે ફતેપુરા તાલુકા વિકાસ અધિકારી દ્વારા આ બાબતે તાત્કાલિક અસર થી યોગ્ય પગલાં લેવામાં આવે ઠરાવ બુકમાં ચેડા કરીને ગેરકાયદેસર રીતે ખોટી આકારણીઓ કરનાર ઈસમો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે અને ગેરકાયદેસર અને ખોટી રીતે કરાયેલી આકારણીઓ તાત્કાલિક અસરથી રદ કરવામાં આવે તેવી તેઓએ ઉગ્ર અને વિનંતી ભરી રજૂઆત કરી છે તેઓએ વધુમાં જણાવ્યું છે કે જો ફતેપુરા તાલુકા વિકાસ અધિકારી દ્વારા નિયત સમય મર્યાદામાં આ બાબતે યોગ્ય કાર્યવાહી નહીં કરવામાં આવે તો તેઓ દાહોદ જીલ્લા કક્ષાએ અને રાજ્ય કક્ષાએ પણ આ બાબતે રજૂઆત કરશે.



પ્રકૃતિ મિત્ર મંડળ લીમડી દ્વારા ભગવાન જગન્નાથજીની રથયાત્રામાં પ્રસાદી રૂપે પવિત્ર તુલસીજીનું વિતરણ કરવામાં આવ્યું. તુલસીનું ધાર્મિક તેમજ આયુર્વેદની દ્રષ્ટિએ અનેરૂં મહત્વ છે. અંદાજિત ૧૦૦૦ જેટલા છોડ નગરમાં વિતરણ કરવામાં આવ્યા હતા.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.256

## ગોધરામાં વ્યાજખોરે ૫ લાખ વ્યાજે આપી વસુલાત કરી અવેજમાં લીધેલ ગાડી, ચેકો અને સોનાના દાગીના પરત નહિ કરતાં એ ડિવીઝન પોલીસ મથકે ફરિયાદ

ગોધરા,

ગોધરા ધાનકાવાડ પશુ દવાખાના સામે આવેલ મોબાઈલની દુકાનની ઉપર રહેતા વ્યકિત પાસેથી ફરિયાદીએ ૫,૦૦,૦૦૦/–લાખ રૂપીયા ૫ % વ્યાજે લીધેલ હતા. સમયાંતરે ૩,૫૦,૦૦૦/–લાખ રૂપીયા ચૂકેલ જ્યારે ૧,૫૦,૦૦૦/–રૂપીયા બાકી હોય જેથીએ આરોપીએ ફરિયાદીના ઘરે આવી ગાળાગાળી કરી દોઢ તોલાની ચેઈન, પેંડલ અવેજ પેટે પડાવી લીધેલ અને દોઢ લાખ ચુકવ્યા પછી દાગીના, ગાડી, ચેક પરત માંગતા વધારાના બે લાખ માંગી ચેક બાઉન્સ કરી કેસ કરવાની ધમકી આપતા એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ.

વિસ્તૃત વિગતો મુજબ ગોધરા ધાનકાવાડ પશુ દવાખાના સામે આવેલ મોબાઈલની દુકાન ઉપર રહેતા આત્મપ્રકાશ શ્રીચંદ બસરાણી પાસેથી સ્વપ્નીલ જયેશકુમાર શાહ એ ૧૩/૧૦/૨૦૨૧માં ૫,૦૦,૦૦૦/–રૂપીયા વ્યાજે લીધા હતા. સ્વપ્નીલ શાહને વ્યાજે નાણાં અપવવા માટે કમલ શ્રીમાળીએ ભલામણ કરી હતી. વ્યાજે લીધેલ ૫ લાખની અવેજમાં હોન્ડાઈ કાર અને તેની આર.સી. બુક, વીમા કાગળો, ત્રણ ચેક આપી નોટરી કરી આપેલ નોટરી કાગળોમાં વ્યાજના નાણાંનો ઉલ્લેખ કરવા દીધો ન હતો. સ્વપ્નીલ શાહે ૫ % ટકાના વ્યાજે ૩,૫૦,૦૦૦/–લાખ રૂપીયા ચુકવ્યા અને ૧,૫૦,૦૦૦/–રૂપીયા નહિ ચુકવતા બન્ને ઈસમો આત્મપ્રકાશ બસવાણી, કમલ શ્રીમાળી ઘરે આવ્યા હતા અને ગાળાગાળી કરી દોઢ તોલાની સોનાની ચેઈન, હાથીદાંતનું પેડલ અવેજમાં લઈ ગયા જેથી દોઢ લાખ રૂપીયા વ્યાજ સહિત ચુકવીને દાગીના, ગાડી અને ચેકો પરત માંગતા બીજા વધારાના બે લાખ રૂપીયા માંગ ચેક બાઉન્સ કરી કેસ કરવાની ધમકી આપી હતી. આરોપી નાણાં ધીરધારનું લાઈસન્સ નહિ હોવા છતાં ફરિયાદીને ૫ %ના વ્યાજે નાણાં આપી ગેરકાયદેસર વસુલાત કરી ચેક બાઉન્સ કરાવી ધમકી આપતાં આ બાબતે ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## ગોધરા રણછોડજી મંદિર ખાતેથી ભગવાન જગન્નાથ રથમાં સવાર થઈ નગરચર્યાએ નિકળ્યા





### પોલીસના ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો

ગોધરા,

ગોધરા નગરમાં આવેલ રણછોડજી મંદિર ખાતેથી આથજે અષાઢી બીજના પવિત્ર પર્વએ ભગવાન જગન્નાથની રથયાત્રા પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે નગરના રાજમાર્ગો ઉપરથી કાઢવામાં આવી હતી. મોટી સંખ્યામાં ભાવિભકતો રથયાત્રામાં જોડાયા હતા.

ગોધરા નગરમાં આવેલ રણછોડજી મંદિર ખાતેથી અષાઢી બીજે ભગવાન જગન્નાથની રથયાત્રામાં ભગવાન જગન્નાથ રથમાં સવાર થઈને નગરના રાજમાર્ગો ઉપર નગરચર્યાએ નિકળ્યા હતા. ભાવિભકતો જય જગન્નાથના નાદ સાથે તેમજ વિઠ્ઠલ... વિઠ્ઠલ....વિઠ્ઠલાની ધુન સાથે ભકિતમાં લીન બન્યા હતા. પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે રથયાત્રા રાજમાર્ગો ઉપરથી ફરીને નિજ મંદિર ખાતે પરત આવી હતી.



ગોધરા તાલુકાના નદીસર ગામે અષાઢી બીજે આશરે સો વર્ષ ઉપરાંત થી શ્રી રામજી મંદિર ખાતે થી રથયાત્રા નીકળે છે. સાંજે બેંડવાજાની સંગીતમય સુરાવલી સાથે રંગેચંગે ભગવાનની રથયાત્રા નીકળી હતી. જેમાં ગ્રામજનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

## મોરવા(હ)ના વાંસદેલીયા ગામે બે મકાનોમાં આગ લાગતા ઘરવખરી બળીને ખાખ

શહેરા,

મોરવા(હ)તાલુકાના વાંસદેલીયા ગામે કોઈ અગમ્ય કારણોસર બે મકાનમાં આગ લાગતા ઘરમાં રહેલ ઘાસચારા તેમજ ઘરવખરી સહિતનો સામાન બળીને ખાખ થઈગયો હતો. સ્થાનિકોએ પાણીનો છંટકાવ કરી આગને કાબુમાં લીધી હતી. પંચમહાલ જિલ્લાના મોરવા(હ)તાલુકાના વાંસદેલીયા ગામે રહેતા પાર્વતીબેન દલપતભાઈ બારીયા અને લક્ષ્મણભાઈ સબુરભાઈ બારીયાના મકાનમાં અગમ્ય કારણોસર આગ લાગતા ઘરના તમામ સભ્યો ઘરની બહાર નીકળી ગયા હતા. આ બંને મકાનોમાં આગ લાગવાની ઘટના બનતા આસપાસના રહિશોએ ઘટના સ્થળે દોડી આવીને પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લેવાના પ્રયત્નો કર્યા હતા. સાથે આ અંગેની જાણ ફાયરબ્રિગેડને પણ કરાઈ હતી પરંતુ ફાયરબ્રિગેડ સમસચર સ્થળ પર નહિ પહોંચતા આગ કાબુમાં આવે તે પહેલા ઘાસચારો તેમજ ઘરવખરીનો સામાન બળીને ખાખ થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં વાંસદેલીયા ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રીએ ઘટના સ્થળે પહોંચીને જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

## કાલોલ વરવાડા રોડ પર બેફામ લાકડાં ભરેલાં ટ્રેકટરો પર જીવનું જોખમ ખેડતાઓ સામે ધૃતરાષ્ટ્ર બનેલું વહિવટી તંત્ર

કાલોલ,

કાલોલ–ઘોંઘબા તાલુકાનાં ગ્રામ્ય વિસ્તારોમાં વૃક્ષ છેદન પ્રવૃત્તિએ ભારે માજા મુકી છે. વૃક્ષ માફીયાઓ ઊભાલીલાં વૃક્ષોને ધોળા દિવસે છેદન પ્રવૃત્તિ દ્વારા પર્યાવરણને ભારે નુકસાન પહોંચાડવા છતાં તંત્ર ચૂપ ! ગણતરીના દિવસોમાં જ સરકાર દ્વારા પર્યાવરણ દિવસે લાખો રૂપિયાનો ખર્ચ કરી વૃક્ષારોપણનું વાવેતર કરવામાં આવ્યું છે. તેના જતન માટે વન વિભાગને કામગીરી સોંપવામાં આવતી હોય છે.



કાલોલ–ઘોંઘબા પંથકમાં બિપરજોય વાવાઝોડાને લઈ જાહેર માર્ગો પર અનેક વૃક્ષો ધરાસય થયાં છે. જેથી વૃક્ષ માફીયાઓને ઘી– કેળા જોવા મળી રહ્યા છે. તો કેટલાંક વૃક્ષોનું સ્થાનિક મામલતદાર કે વનવિભાગકની મંજુરી વગર કટિંગ થયું હોય છે. પરંતુ તંત્ર મુગા મોંઢે જોઈ રહ્યું છે. વૃક્ષ માફીયાઓ વૃક્ષનું છેદન પ્રવૃત્તિ દ્વારા પર્યાવરણને ભારે નુકસાન પહોંચાડી ટ્રેકટર જેવાં વાહનોમાં જોખમી રીતે લાકડા ભરી ઉપર શ્રમિકોને પણ બેસાડી જતાં હોય છે. પરંતું આવી કામગીરીને અટકાવવા માટેની મામલતદાર ટીમ, વનવિભાગ અને આર.ટી.ઓ. ની આંખ સામેથી પસાર થતા ''દિવા તળે અંધારા'' જેવી પરિસ્થિતી સર્જાઈ છે. ધીમે ધીમે વૃક્ષોનું છેદન પ્રવૃત્તિ વધતાં પર્યાવરણને કારણે વાતાવરણમાં પડતો પણ આવતો હોય છે. વૃક્ષ છેદન કરી જોખમી રીતે ટ્રેકટરમાં ભરેલા લાકડાઓ પર ક્ષમતાથી વધુ માણસો બેસાડી વાહન ચાલકો મુસાફરીનું જોખમ લેતાં હોય છે.

કાલોલ તાલુકાના મલાવ, વરવાડા, એરાલ, રોડ પરથી સાંજના સમયે અનેક ટ્રેકટરમાં લાકડાં ભરી જતાં ટ્રેકટરો જોખમી બની જતાં હોય છે. જોકે, આવા વૃક્ષ છેદકો બેફામ રીતે ટ્રેકટરમાં લાકડાં ભરી આર.ટી.ઓ.ના કાયદાને ગોળી કરી પી જતાં હોય છે. આવાં બેફામ રીતે ટ્રેકટરમાં લાકડાં ભરી જતાં જોખમી વાહન ચાલકો પાસે ડ્રાઈવિંગ લાઈસન્સ, વાહનનાં પૂરતાં કાગળો તેમજ ટ્રેકટરમાં લાકડાંનાં વજન સાથે વધું માણસ બેસાડવાના કોનાં આશીર્વાદ ફળ્યા ? પરવાનગી આપવા અને અપાવવા પાછળ કોણ હોઈ શકે ? જેવાં અનેક સવાલો ઉપસ્થિત થઈ રહ્યા છે.

## કાલોલના નારણપુરા ગામે પરિણિતાના મોતનો ભાંડો ફુટ્યો : પતિએ આડા સંબંધોને લઈ પત્નિની હત્યા કરી

કાલોલ,

કાલોલ તાલુકાના નારણપુરા ગામમાં ગત તા.૧૪મીએ પરિણિતાનુ મોત થયુ હતુ. જે બનાવમાં તેના પતિએ કાલોલ પોલીસ સ્ટેશનમાં ઘરમાં રસોડું કરતા સમયે પત્નિનો પગ તેલની પોટલી પર પડી જતા લપસીને ઘરના ઉંબરા પર પડતા માથામાં ગંભીર ઈજાઓ થતાં મોત થયુ હોવાનુ જણાવ્યુ હતુ. પરંતુ પતિએ જ આડા સંબંધનો વ્હેમ રાખીને પત્નિને માર મારી મોત નીપજાવ્યુ હોવાનો ભાંડો ફુટતા પોલીસે પતિ વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી અટકાયત કરી હતી.

નારણપુરા ગામમાં રહેતા પ્રવિણભાઈ જનાભાઈ નાયકની પત્નિ સુમીત્રાબેન(ઉ.વ.૨૭)ને ગત તા.૧૪મીએ માથામાં ઈજાઓ થતાં બેભાન હાલતમાં કાલોલ રેફરલ હોસ્પિટલમાં લઈ જવાતા ડોકટરે તેને મૃત જાહેર કરી હતી. જે ઘટના અંગે જે તે સમયે તેના પતિએ તે સમયે કાલોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા તે સમયે રસોઈ બનાવતા સમયે લપસી જતા ઈજાઓ થતાં મોત નીપજ્યું હોવાનુ જણાવતા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી લાશને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપીને વધુ તપાસ હાથ ધરી હતી. જો કે બનાવની જાણ પરિણિતાના પિયર હાલોલ તાલુકાના ઈંટવાડી ગામે થતાં બીજા સુમીત્રાના માતા–પિતા કાલોલ રેફરલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા. પોસ્ટમોર્ટમ પછી લાશની અંતિમવિધિ માટે સૌ સુમીત્રાની સાસરીમાં ગયેલ ત્યારે ત્યાં ખાનગી રીતે સુમીત્રાની માતાને જાણવા મળેલ કે, તેની પુત્રી તથા જમાઈ પ્રવિણ વચ્ચે તા.૧૪ના રોજ સાંજે બોલાચાલી થઈ હતી. જેમાં પ્રવિણે સુમીત્રાને માર પણ માર્યો હતો. જેથી આ બાબતે તેમણે સુમીત્રાની સાસુને પુછતા તેમણે પ્રવિણે સુમીત્રા ઉપર આડા સંબંધ હોવાનો વ્હેમ રાખીને ઝઘડો કરીને લાકડા વડે મારતા તે બેભાન થઈ ગઈ હતી. બીજી તરફ સુમીત્રાની લાશની અંતિમવિધિ પહેલા જોતા તેને માથામાં, છાતીના ભાગે પેટ અને ગળાના ભાગે નખ વાગેલાના નિશાન હતા. બંને પગ અને સાથળ અને બરડાના ભાગે લાકડી જેવા હથિયાર મારવાથી ઈજાઓ થયેલ હોય તેવા કાળા ચાઠાઓ દેખાતા જમાઈનુ કરતુત હોવાની આશંકાઓ પ્રબળ બનતા બીજા દિવસે માતા–પિતાએ પોલીસ સમક્ષ હકીકતો વર્ણવી હતી. તદ્ઉપરાંત પોસ્ટમોર્ટમ રિપોર્ટ અનુસાર ઈજાઓ અંગે પૃષ્ટિ થતાં અંતે પોલીસે સુમીત્રાની માતા અમરતબેન રયજીભાઈ નાયકે ફરિયાદ નોંધાવતા પોલીસે પતિ પ્રવિણભાઈ જનાભાઈ નાયક વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી તેની અટકાયત કરી હતી.

## ગોધરા ધોળાકુવા અનંત ઉપવન સોસાયટીના બંધ મકાન માંથી ૬૭ હજારના દાગીનાની ચોરી



### CCTV ફુટેજમાં ચડ્ડી ગેંગના ઈસમો કેદ થયા

ગોધરા,

ગોધરા શહેરના ધોળાકુવા પાછળ આવેલ અનંત ઉપવન સોસાયટીમાં રહેતા પરિવાર ઘર બંધ કરી બહાર ગામ ગયા હતા. બંધ ઘરને તસ્કરોએ નિશાન બનાવી ઘર માંથી દાગીના સહિત ૬૭,૦૦૦/– રૂપીયાના મુદ્દામાલ લઈ ફરાર થઈ ગયા હતા. પરિવાર પરત આવતાં ચોરી થયાની જાણ થતાં પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ. સોસાયટીના સીસી ટીવીમાં શંકાસ્પદ ચડ્ડી ગેંગના ઈસમો કેદ થયા છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા ધોળાકુવા ડી–માર્ટ પાછળ આવેલ અનંત ઉપવન સોસાયટીમાં રહેતા જશોદાબેન મનોજકુમાર પરમાર ૧૮ જુન નારોજ પોતાનું મકાન બંધ કરીને સાસુ–સસરાની ખબર જોવા માટે વતનમાં ગયા હતા. બીજા દિવસે પરિવાર વતનથી ઘરે પરત આવતાં ઘરના દરવાજાના તળા તુટેલા હતા અને સરસામાન વેરવિખેર પડ્યો હતો. તિજોરી માંથી સોનાની ચેઈન, સોનાની વીંટી, સોનાનું પેન્ડલ, ચુની, ચાંદીનુ મંગળસૂત્ર, ચાંદીના મણકા મળી ૬૭,૦૦૦/–રૂપીયાના મુદ્દામાલની તસ્કરો ચોરી કરી ગયા હતા. આ બાબતે જશોદાબેન મનોજભાઈ પરમારે ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે ચોરીની ફરિયાદ નોંધાવતા પોલીસે સોસાયટીમાં લાગેલ સીસી ટીવી ફુટેજ ચેક કરતાં ચડ્ડી ગેંગના બે ઈસમો કેદ થયેલ જણાઈ આવતાં પોલીસે ચોર ઈસમોને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી છે.

## કાલોલ તાલુકાનાં વ્યાસડા ગામનાં અધુરા કામોથી ગ્રામજનોની પરિસ્થિતિ કફોડી બની

કાલોલ,

કાલોલ તાલુકાનાં છેવાડે આવેલ નાનકડા વ્યાસડા ગામમાં ૭૦૦ મકાનો આવેલા છે. જેમાં અંદાજીત ૨૦૦૦ લોકો વસવાટ કરે છે. ગામમાં મોટાં ૫૦ % શિક્ષક લોકો છે. પરંતું ગામની પરિસ્થિતિ જોવામાં આવે તો ગામનાં જાહેર રસ્તાઓ, પશુઓ માટે ઊભી કરેલ પાણીની વ્યવસ્થા, સરકારની યોજનાં દ્વારા બનાવેલ શૌચાલય, આવાસનાં લાભો થી કેટલાક લોકો વંચિત તેમજ વિકાસનાં કામો અધુરા હોવાનાં કારણે ગ્રામ જનોને મુશ્કેલી ની પરિસ્થિતિનો સામનો કરવો પડતો હોય છે. વ્યાસડા ગામમાં પ્રવેશતાં ખખડધજ રસ્તાઓ પર વરસાદી પાણી ભરાઈ જતાં ગંદાપાણીની દેહશત ફેલાઈ ગઈ છે. કાલોલ તાલુકામાં મોટું નામ ધરાવતાં વ્યાસડા ગામમાં અધુરો વિકાસ જોવા મળી રહ્યો છે. જેના કારણે ગ્રામજનોની પરિસ્થિતિ કફોડી બની છે. વિકાસના કામોના નાણાનો પુરતો ઉપયોગ છતાં ગ્રામજનોની કફોડી પરિસ્થિતિ.



વ્યાસડા ગ્રામ પંચાયત પાસે બનાવેલ શૌચાલય માત્ર શોભાનાં ગાંઠિયા સમાન છે. પરિસ્થિતિ જોવા જઈએ તો બારણાંઓ તુટી જતાં પોલમપોલ પાણીની પાઈપ લાઈન હોવાં છતાં પાણીની સગવડન હોવાને કારણે સ્વચ્છતાનો અભાવ જોવા મળી રહ્યો છે. શૌચાલય પર પાણીની પાઈપ લાઈન ટાંકી વિના કપાયેલાં વૃક્ષનાં ઠુંઠા જેવી પરિસ્થિતી જોવા મળી રહે છે.

વ્યાસડા ગામની બહાર ગામનાં પશુ પક્ષીઓ માટે ઊભી કરવામાં આવેલ પાણીની વ્યવસ્થા માટે બનાવેલ હવાડાની આસપાસ ગંદકીની દહેશત સેવાઈ રહી છે. તદુપરાંત હવાડાની સમય સર સફાઈ કરવામાં ન આવતા પશુઓ માટેનું પાણી પણ ગંદુ ભરાયેલ હોવાને કારણે પશુઓમાં પણ રોગચાળો ફાટી નીકળે તેવી જોવા મળી રહી છે. પાણી માટે મુકવામાં આવેલ વોટરવર્કર્સનાં ટાકાવગરનાં ફાઉન્ડેશન જોવા મળી રહે છે.

વ્યાસડા ગામમાં આજે પણ નળીયા અને પતરાનાં તો કેટલાક મકાનો જોવા મળે છે. તદુપરાંત ગામમાં શિક્ષિત વર્ગ હોવા છતાં પુરતો સરકારી યોજનાનો લાભ ન મળતા મકાનો ઈંટોના સહારા પર જોખમી જોવા મળી રહ્યા છે. ગામમાં મોટા ભાગના લોકોને આવાસ યોજનાનો લાભ ના મળતા ગામની શેરીઓમાં કાચા મકાનો આજે પણ જોવા મળે છે.

## મોલ ગામમાં ધર્માતરણ કરાવવા આવેલા બે વિધર્મિઓ વિરૂદ્ધ રાજગઢ પોલીસ સ્ટેશનમાં અરજી આપવામાં આવી

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકામાં મોલ ગામના જામશિંગ ભાઈ રાઠવાએ રાજગઢ પોલીસ મથકમાં આપેલી અરજી મુજબ મોલ ગામમાં બે વિધર્મીઓ હાથમાં બાઈબલ લઈ મોલ ગામના હિન્દુ પરિવારને ધર્માંતરણ કરાવવાના ઈરાદે આવેલા અને ગરીબ પરિવારોની મજબૂરીનો ફાયદો ઉઠાવી તેમને જબરજસ્તી ધાર્મિક સૂત્રોચાર કરાવતા હોય ગ્રામજનોને આ બાબતની ખબર પડતા ગ્રામજનો ભેગા થયા હતા અને બંને ઈસમોની પૂછપરછ કરતા બંને છોટાઉદેપુરથી આવ્યા હોવાનું જાણવા મળ્યું હતું. તેમજ આ બંને છેલ્લા એક વર્ષથી આ વિસ્તારમાં અંદરખાને ધર્માતરણ પ્રવૃત્તિઓ ચલાવતા હોવાનું જાણવા મળ્યું હતું.



મોલ ગામના ભોળા અને અભણ પ્રજાજનોને પૈસા તેમજ અન્ય લાલચો આપી હિન્દુમાંથી ખ્રિસ્તીમાં રૂપાંતર કરતા હતા. તેમજ અમારા મંત્રોથી પોલીસ પણ ભાગી જાય છે, તેમ કરી વટલાવતા હોવાની લેખિત અરજી રાજગઢ પોલીસને આપવામાં આવી હતી.

ધર્માંતરણ પ્રવૃત્તિની વાતો ઘોઘંબા પંથકમાં ફેલાતા ઘોઘંબા તાલુકાના વિવિધ હિન્દુ સંગઠનોના આગેવાનો પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા અને ધર્માંતરણ કરતા ઈસમો સામે તાત્કાલિક પગલાં લેવા પોલીસને રજૂઆત કરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખને છે કે, અગાઉ પણ ઘોઘંબા તાલુકામાં માલુ પંથકમાં ધર્માંતરણ થતું હોવાની લોક બુમ ઉઠી હતી. ઘોઘંબા પંથકમાં કાર્યરત વિવિધ હિન્દુ સંગઠનોના આગેવાનો તથા હોદ્દેદારો ધર્માંતરણ મુદ્દાને ગંભીરતાથી લઈ આગળની રણનીતિ ઘડવાનું નક્કી કર્યું હતું.

## ગોધરા બાવચાવાડમાં જુગાર રમતા ૭ ઈસમોને પોલીસે ઝડપ્યા

ગોધરા,

ગોધરા શહેર બાવચાવાડ ભાથીજી મંદિર પાસે ખુલ્લી જગ્યામાં જાહેરમાં જુગાર રમતા સ્થળે પોલીસે રેઈડ કરી ૭ ઈસમોને ૧૫,૭૦૦/– રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડયા. પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા શહેરના બાવચાવાડ ભાથીજી મંદિર પાસે કેટલાક ઈસમો જાહેરમાં જુગાર રમતા હોય તે સ્થળે પોલીસે રેઈડ કરી કાલુભાઈ કિશનભાઈ ચૌધરી, ગણેશભાઈ સુરેશભાઈ ભોઈ, અશ્રય ફરીદાસ આમલીયા, સંજય વિનોદભાઈ ભોઈ, માનવ મનોજભાઈ ચૌધરી, રોહન બાબાભાઈ ચૌધરી, કમલ શિવાભાઈ ભોઈને ઝડપી પાડયા હતા. ઝડપાયેલ ઈસમોની અંગઝડતી અને દાવ ઉપર મુકેલ ૧૫,૭૦૦/– રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા.

અભીનંદન....

પંચમહાલ સમાચાર

દૈનિક

૨૭માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં

એસ. એ. અલીઠા

તરફથી અભીનંદન....

મુ. સુલીયાત,
તા. મોરવા(હ),
જી. પંચમહાલ

અભીનંદન....

પંચમહાલ સમાચાર

દૈનિક

૨૭માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં

સી.એ. તાવીયાડ

તરફથી અભીનંદન....

મુ. તાજપુરી,
તા. મોરવા(હ),
જી. પંચમહાલ